
Summit



# અધ્યાત્મ

વર્ષ : ૧૨ ઓક્ટોબર–૧૯૯૦ અંક : ૧

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં

## હરિદ્વારમાં રામપારાયણ, જન્મદિનની ઉજવણી, ને સત્સંગ મેળો

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો આગામી જન્મદિન તા. ૧૩ નવેમ્બરના રોજ હરિદ્વારમાં ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ જન્મદિન પહેલાં તા. ૫ નવેમ્બરથી તા. ૧૨ નવેમ્બર (કુલ ૮ દિવસ) સુધી પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી દ્વારા ગુજરાતી કાવ્યમાં અનુવાદિત રામચરિત માનસનું પારાયણ સાધક ભાઈબહેનો પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથે સમૂહમાં ગાઈને કરશે. જેમની પાસે આ પુસ્તક હોય તેઓએ તે સાથે લાવવું.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના પરદેશથી ભારત આગમન પછીનો આ પહેલો જાહેર કાર્યક્રમ છે. તેથી આમાં ભાગ લેવા સહુ સાધક ભાઈબહેનોને નિમંત્રણ છે. તેઓએ તા. ૪–૧૧–૯૦ ના રોજ સાંજ સુધીમાં હરિદ્વાર પહોંચી જવા વિનંતી છે.

કાર્યક્રમનું સ્થળ આર્યનિવાસ, નીલકંઠ અખાડા માર્ગ, હરિદ્વાર. રહેશે. આવવા ઉત્સુક સાધક ભાઈબહેનોએ હરિદ્વાર પહોંચવાની, રહેવાની તેમજ જમવાની વ્યવસ્થા પોતપોતાની રીતે કરવાની છે; તેની નોંધ લેવી.

પૂ. મા તા. ૧૫ નવેમ્બર પછી હરિદ્વારમાં રોકાવાનાં નથી.

તંત્રી

સૌનેય છે જવાનું અંતે અલગ થવાનું,
ના કિન્તુ પ્રેમને કો સ્વાહા કરી જવાનું.



મહાત્મા શ્રી યોગેશ્વરજી અને એમનાં પૂ. માતાજી જ્યોતિર્મયી

નિર્વાણ : ૪–૧૦–૮૦ ભાવનગર

## * અનેરો ત્યાગ *

તમે છોડી સર્વે વિષય જગના જંગલ રહ્યાં,
યુવાનીમાં છોડી ગૃહસ્વજન સંપત્તિ સુખદા.
તજી પર્યંકોને પ્રતિદિવસ પૃથ્વી પર સૂતાં;
ઘણા સર્પોરીંછો પશુ વિવિધ ને વ્યાઘ્રવચમાં,
વિપત્તિને વેઠી; મન વશ કરી ઈન્દ્રિય તણા.
તમે નાથ્યા અશ્વો અનવરત ડૂબ્યાં રસમહીં,
મને દીસે બીજું પુનિત ખલુ દૃષ્ટાંત જ નહીં.

તજે આત્મા માટે મનુજ સુખસંપત્તિ પદને,
અરણ્યે એકાંતે તપરત બને ઈશચરણે,
સમર્પે સામગ્રી સકળ જગની ધ્યાન ધરવા;
તમે કિન્તુ છોડયું સકળ મુજ માટે વનમહીં.
રહેવાને સાથે પરમસુખના શ્વાસ ધરતાં;
તમારો તો દેવી અતુલ અદકો ત્યાગ જગમાં.

યોગેશ્વરજી

(પ. પૂ. માતાજી જ્યોતિર્મયીને પૂ. શ્રીએ કાવ્યદ્વારા આપેલી અંજલિ, તેઓના નિર્વાણ દિન ચૌથી ઓકટોબરના ઉપલબ્ધલક્ષ્યમાં. --તંત્રી)

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

¤ **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
¤ **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
¤ **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
¤ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
¤ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
¤ **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

¤ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
¤ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

¤ **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
¤ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
¤ 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
¤ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
¤ 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
¤ દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| સંતોનું સામર્થ્ય | ઈશ્વરભાઈ ભક્ત (પરમાર્થી) | ૧૩ |
| મારા ગુરુદેવ—મારી નજરે (૩) | નારાયણ હ. જાની | ૨૧ |
| યોગામૃત | સુરેશભાઈ શાહ (કેનેડા) | ૨૯ |
| મનુષ્ય—જીવન | કમલ સુથાર | ૩૧ |
| "ગુણલા ગોવિંદનાં ગાઓ !" | જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી) | ૩૫ |
| પ્રભુ લઈ જાય છે હરિદ્વાર | વિજયભાઈ પુરોહિત (બાપજી) | ૩૬ |
| ગુરુપૂર્ણિમા—પૂ. 'મા'ના સાન્નિધ્યમાં | — | ૪૮ |
| સદ્ભાવભરી સહાય | — | ૫૭ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૨ ઓક્ટોબર—૧૯૯૦ અંક : ૧


## શ્રી યોગેશ્વર કથામૃત

મા શ્રી સર્વેશ્વરી

વિ. સં. ૨૦૩૬ આસો સુદ પૂનમ ને ગુરુવાર,
તા. ૨૩/૧૦/૮૦, સ્થળ : ૨, નરસિંહનગર, 'પ્રયાગ'.
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ.

નિત્યકર્મથી મુક્ત થઈ પૂ.શ્રીએ સાઈબાબની સ્તુતિ કરવાની સૂચના આપી; ત્યારપછી જ દૂધ પીધું. ૫૦ માળાનો પૂ. શ્રીનો નિયમ મળસ્કે પૂરો થયો હતો, તેથી દૂધ બાદ થોડું લેખન કરી આરામ કર્યો.

સાડા અગિયારે આ 'પ્રયાગ'ના પૂ. શ્રીના મંદિરનાં મંગલમય દ્વાર ઉઘડે છે.

આજે 'પ્રયાગ'માં રહેતા અમારા યજમાન શ્રી નંદુભાઈ ચાવાળાના મોટા દીકરાના વિવાહની વિધિ છે, તેથી નંદુભાઈ

પોતાના વિશેષ સ્વજનોને લઈને આવે છે; પ્રણામ કરીને બેસે છે.

પૂ. શ્રી કહે છે, 'તમારું વિધિનું કામ થઈ ગયું? આજે લગ્ન તો નથીને? વિવાહ એટલે અર્ધા આશીર્વાદ મળે. એન્જીન ડબ્બા સાથે જોડાય ત્યારે પાકા આશીર્વાદ મળે. ભગવાનને ત્યાં જન્મ, મરણ ને પરણ ક્યાં ને ક્યારે—તે લખી જ રાખ્યાં હોય છે. ઘણીવાર વાર લાગે એટલે અકળામણ પણ થાય. ભગવાનને ત્યાં વિધિવિધાન તૈયાર જ હોય છે.'

એમ કહી સર્વેશ્વરીના મોટાભાઈના દીકરાના લગ્નની વાતો, શ્રી બાબુભાઈના ભવ્યાંગભાઈની વાતો, પોતાનાં બેનની દીકરીની વાતો કરે છે.

ભોજનબાદ જેમના વિવાહ નક્કી થયા તેઓ બન્ને આવે છે. પૂ. શ્રી છોકરીનું નામ પૂછે છે. 'જ્યોતિ' નામ સાંભળી પૂ. શ્રી કહે છે, "સેવાની જ્યોતિ બનો, પ્રેમની જ્યોતિ બનો, પવિત્રતાની જ્યોતિ બનો."

છોકરો જ્યોતિષનું જાણે છે, એ જાણી પૂ. શ્રી કહે છે, 'એમ તો પછી ઘરમાં જ બધાના જન્માક્ષરો જોયા કરો, જેથી બહાર બીજે પૂછવા જ ન જવું પડે.'

પણ ઘરનાં સૌ કહેવા લાગ્યાં, "ના, અમારે તો તમારા જ આશીર્વાદ જોઈએ છે. વિગેરે."

આજે પૂ. શ્રીએ સરસ ટકોર કરી. "સંતમહાત્માઓ પાસે વિવાહ ક્યારે થશે ને લગ્ન ક્યારે થશે એ પૂછવા સિવાય સંસારીઓને બીજું આવડે પણ શું?" કેટલાકને પૂ. શ્રી જાણે જ્યોતિષી હોય એમ પોતાના ભાવિ જીવનની વાતો પૂછવાની જીજ્ઞાસા હોય છે, જેથી પૂ. શ્રી ઉપરની ટકોર કરે છે. ઘણીવાર સ્પષ્ટ



પણ કહે છે કે "સંતો પાસે ભગવાનની વાતો થાય. સંસારની વાતો સંતો પાસે ન હોય. વિગેરે."

બપોરે આરામ કર્યો. આરામ બાદ બરાબર છ થી બહાર લોબીમાં શાંતિથી આંટા મારે છે. સૌ આવી શકે તે માટે પૂ. શ્રી દ્વાર ખોલાવે છે.

બરાબર સાડા છ વાગ્યે સૌ ભક્તો આવીને પ્રણામ કરી બેઠા છે, ત્યાં જ એક ભાઈ આવે છે. પ્રશ્નો પૂછવા છે, માટે તેમણે પૂ. શ્રીને પત્ર લખી સમય માંગ્યો છે. તેથી તેમને પ્રશ્ન પૂછવાની પૂ. શ્રી અનુમતિ આપે છે.

એક ભાઈ:—ગરીબી દૂર કરવાની મારી ભાવના છે.

પૂ. શ્રી:—તમારી ભાવના ઘણી સારી છે, પણ એ ભાવનાને પૂર્ણ કરવા તમારી પાસે શું છે તે વિચારો. જ્યાં અંધારું છે ત્યાં અજવાળું કરવું છે હોય તો સાધન છે—ફાનસ, મીણબત્તી, લાઈટ આપી શકો અથવા અપાવી શકો છો. એટલે આપની ભાવના સારી છે, પણ એની પૂર્તિ કયી રીતે કરી શકાય તે વિચારો.

"ગરીબો—જેને આપણે ઓળખતા હોઈએ, આપણી આજુબાજુ જ હોય, તેમને પુસ્તકોની યોજના કરી ભણતર પૂરું થાય તે માટે પુસ્તકો લઈ દ્યો અને બીજા ગરીબોનેય આપો."

"તમારો પગાર હોય છે ને! એમાંથી ફંડ કપાય છે ને? તો તમારું પોતાનું ફંડ કાપો. દર મહિને ગરીબો માટે રકમ અલગ મૂકો. તમને એવી સંસ્થાઓ પણ બતાવું, મને પૈસા આપો, હું રસીદ આપીશ. અનાથાશ્રમ, રક્તપિત્તીઆઓની હોસ્પીટલ વગેરે."

"જુઓ, સુરતમાં એક ભાઈ છે. (નામ ઈશ્વરલાલ છોટાલાલ

ચોક્સી, ખાંડવાળાની શેરી, વાડીફળિયા, સુરત) તેમનો એક સરસ નિયમ જાણવા જેવો છે. બે થેલીઓ ભરી જુદા જુદા લત્તાઓમાં જાય. બન્ને થેલીઓમાં બિસ્કીટ અને નાનખટાઇ ભરે અને ગરીબોને ખવડાવે."

"તમારી ભાવના સારી છે, તમારી પાસે સાધન નાનું હોય તો નાની સેવા પણ થઇ શકે. મોટું સાધન આવે ત્યારે ગરીબોની મોટી સેવા કરજો. અનાથ બાળકોનાં છાત્રાલય, વિધવાઓના આશ્રમ વગેરે કરજો."

"જોકે હમણાં તો બધાં જ ગરીબો છે, કરોડપતિ હોય તો પણ તે સંતો પાસે, પ્રભુ પાસે એમ જ માંગે—મારો ધંધો બરોબર નથી ચાલતો; ચાલે એવું માંગે. તો એ પણ ગરીબ જ છેને! કોઇ જ્ઞાનના ગરીબ, તો કોઇ ચારિત્ર્યના ગરીબ."

"જેમને જેની જરૂર છે, તેમને તે પહોંચાડો. તમારી ભાવના સારી છે. પ્રભુની કૃપા વિના એવી ભાવના પણ થતી નથી. સારા વિચારોનો ફેલાવો એ પણ સેવા જ છે."

ત્યારબાદ પૂ. શ્રીએ પ્રાર્થનાનું સૂચન કર્યું. જેથી ગીતાનો પંદરમો અધ્યાય, સ્તુતિ, ભજન, ધૂન વિગેરે થયું.

પૂ. શ્રીએ પોતે નાનકડું ઉદ્બોધન કર્યું જેમાં ઉપનિષદ્‌માં ૐ क्रतो स्मरः, ૐ क्रतो स्मरः વિષય હતો.

પૂ. શ્રીએ એનો અર્થ સમજાવતાં કહ્યું, 'ૐ क्रतो स्मरः'માં क्रतो ના બે અર્થ થાય. મરણને સ્મર અને મરણના અધિશ્વરને યાદ કર. મરણને યાદ કરવાથી ભય, ડર કે શોક થાય તે માટે નહીં, પણ સંસારમાં વધારે પડતી મમતા, આસક્તિ ન થાય તે માટે. મમતા થઇ



હોય તો તે મરણના સ્મરણથી હળવી થાય. વળી ભાડુતી ઘરમાં જે રહેતું હોય તેને સતત ખ્યાલ રહે કે માલિક બીજો કોઇ છે. એમ પંચમહાભૂતના ઘરમાં જે વસે છે તે વિચારે છે કે હું ભાડુત છું. "આ ઘરને મૂકીને મારે એક દિવસ ચાલવું પડશે."

ચોક્કસ નિયમો છે તેને યાદ કરીને ચાલવાનું છે. તો પછી મમતા શાને? કર્મો બુદ્ધિપૂર્વક કે આંધળીયાં કરીને કર્યાં તે યાદ કરો. શું કરવાનું હતું અને શું કરો છો? તે બરાબર યાદ કરો. પળેપળનો સારો ઉપયોગ કરો. માનવજીવન અતિ મૂલ્યવાન છે. કરોડો રૂપિયા હોય, તો પણ ગમે તેમ વાપરતાં પહેલાં પરસેવો પાડ્યો છે એમ વિચારીએ. તમે સંતોષપૂર્વક ક્યારે સૂઇ શકો? જ્યારે તમે પળેપળ સારું કામ કર્યું હોય.

"મરણ પહેલાં તમારું કામ તમે સંતોષપૂર્વક બજાવ્યું હોય તો શાંતિથી વિદાય થવાય. બીજાપણ સમજે કે જીવન તેણે શાંતિપૂર્વક પસાર કર્યું છે. સ્ટેશન પર ઘણાં વળાવવા આવે. આવજો કહેતાં જનારને અને વળાવનાર—બન્નેની આંખમાં આંસુ હોય, છતાં જનાર ઉતરી પડતા નથી અને વળાવનાર જાણે છે કે એમણે જ જવાનું છે, મારે નહીં. એમ કાળની ગાડી આવે ત્યારે જનાર, વળાવનાર બન્ને આવજો એમ કહી શકે. કોઇક જ કરી શકે. વળાવનાર પણ કહે આવજો મારી ચિંતા કરશો નહીં અને જનાર પણ કહે, 'આવજો. મેં મારું કામ સંતોષથી બજાવ્યું છે.' પણ આ વાત કોઇક જ કરી શકે છે."

"क्रतों स्मर, कृतो स्मर મરણને યાદ કરો, કરેલાં કર્મોને યાદ કરો. બીજાને માટે જીવતાં શીખો. જીવવાનું બીજાને માટે પણ છે. માણસ પોતે બીજાને સુખી કરવા (જેને આપણે કુટુંબી નથી

માનતા તેવાઓને માટે પણ) ખપી જાય એવા માણસો જતી વખતે આવજો કહી શકે."

"માતાજીની અવસ્થા ઉપરથી, એ જીવ મુક્તિના મંગલમય મંદિરમાં પ્રવેશવાની તૈયારી કરતો હતો, તે જોઇને અમને તેમની રાગદ્વેષ, આસક્તિ, મમતારહિત ઉચ્ચદશા જોઇને સંતોષ થતો હતો, વિગેરે."

સૌ વિદાય થયા. અલ્પાહાર બાદ પૂ. શ્રીએ યાત્રાની તૈયારી કરવા માંડી. માતાજીની રકમના સદુપયોગની છેલ્લી આજ્ઞા પૂ. શ્રીએ જગદંબા પાસે લીધી. આરામ કર્યો.

**વિ. સં. ૨૦૩૬ આસો વદ પડવો ને શુક્રવાર**

**તા. ૨૪/૧૦/૮૦, સ્થળ : ઉપર પ્રમાણે.**

આજે આખો દિવસ નિત્યક્રમ પ્રમાણે વીત્યો. સાડા અગિયાર થી બાર મુલાકાત થઇ, થોડા ફોટાઓ લેવાયા. સાંજે ત્રણ થી છ મણીનગર ગયાં. જ્યાં માતાજીની સ્મૃતિમાં ભેટની અમૂલ્ય રકમ ભેટ ધરી.

સાંજે સાતથી સાડાઆઠ સત્સંગ શરૂ થયો, જેમાં પૂ. શ્રીએ માતાજીની શીલની રક્ષાની ભાવના તથા પવિત્રતાની વાતો કરતાં બે પ્રસંગો (વડોદરાના ડોક્ટરનો અને સરોડાના લહેરી લાલાનો) કહ્યા. અંતિમ ઉદ્દ્ગારોનું વાંચન કરી, પૂ. શ્રીની પોતાની ત્રણ ઇચ્છાનો પ્રભુકૃપાથી વિજય થયો તેની વાતો કરી.

૧. માતાજીનો અંતકાળ અગાઉથી જણાય.

૨. માતાજીનો અંતકાળ મારી હાજરીમાં થાય.

૩. અને અંતકાળે મુક્તિ થાય. એમ આ ત્રણે ઇચ્છાઓ



પ્રભુકૃપાથી પૂર્ણ થઇ.

સૌને સ્મશાનયાત્રાના ફોટા બતાવ્યા.

અમે અમારો સામાન બધો પેક કરી લીધો.

**વિ. સં. ૨૦૩૬ આસો વદ બીજ ને શુક્રવાર**

**તા. ૨૫/૧૦/૮૦, સ્થળ : અમદાવાદ થી વડોદરા**

આજે સવારે આઠ વાગ્યે વડોદરા જવા નીકળવાનો કાર્યક્રમ હતો, પરંતુ અમદાવાદના આ ઉતારે ગાડી સાડાઆઠે આવી. મણીનગરથી પૂ. શ્રીનાં બેનને તેમ જ તેમના પતિને પણ સાથે લીધા. લગભગ સાડાબારે અમે વડોદરા શ્રીજીતુભાઇ સાથે આવી ગયાં.

પૂ. શ્રીનાં દર્શન કરવા એક સજ્જન પરિચિત વકીલ શ્રીજશભાઇ પણ આવ્યા હતા. પૂ. શ્રીનાં દર્શન કર્યાં. અંદરના રૂમમાં પૂ. શ્રીનો નાનકડો દરબાર ભરાયો.

પૂ. શ્રીના આગમનથી વડોદરાના અમારા આ યજમાનના આખા ઘરમાં આનંદ આનંદ છવાયો હતો, પૂ. શ્રી પોતે જશભાઇ સાથે હરિદ્વાર તરફ જવાના કાર્યક્રમની વાતો કરી રહ્યા હતા.

શ્રી જશભાઇએ પોતાની ગાડી પૂ. શ્રીની સેવામાં હરિદ્વાર લઇ જવા કોઇપણ જાતની સૂચના કે પૂછપરછ, કે સીધા કે આડકતરા પ્રશ્ન વિના અર્પણ કરી.

ધન્ય છે પૂ. શ્રી ઉપરની એમની શ્રદ્ધાભક્તિને. કોઇ એક વ્યક્તિ સંતપુરુષને જરૂર હોય ત્યારેજ વિના માગ્યે પોતાની વસ્તુને સર્વભાવે સમર્પણ કરે, કેવી અદ્‌ભુત કૃપા! પ્રભુના કેવા કૃપાપાત્ર ભક્ત આ મહાપુરુષ છે!

ગાડીનો પ્રશ્ન મા ભગવતીએ એ રીતે કૃપા કરી પૂર્ણ કરી દીધો.

ભોજનબાદ આરામને બદલે નીચે બેસવાનું બન્યું. થોડો આરામ કર્યો.

પાંચ વાગ્યે સૌ બહારગામના ભાવિકો ત્યાં આવવા લાગ્યા. આનંદથી વાતો શરૂ થઇ. છ વાગ્યે પૂ. શ્રીનો સત્સંગ શરૂ થયો.

પંદરમો અધ્યાય, ભજન, સ્તુતિ, ધૂન પછી પૂ. શ્રીએ માતાજીના શીલની, પવિત્રતાની વાતો કરી. સર્વેશ્વરીએ પણ માતાજીનાં સંસ્મરણો રજૂ કર્યાં. સૌ વંદન કરી વિદાય થયા.

આજે વડોદરાનો પ્રથમ દિવસ છતાં પેપરમાં જાહેરાત કરી હોવાથી આખો હોલ ભરાઇ ગયો હતો.

પૂ. શ્રી સાથે હળવું ભોજન લઇ નીચે બાર વાગ્યા સુધી રાત્રે સત્સંગાર્થે બેસવાનું બન્યું.

પૂ. શ્રીની હંમેશની સૂચના હોય છે કે સર્વેશ્વરી સાથે રહે, પણ નિયમિતતા જાળવે. જાહેર જીવનમાં એ જરૂરી છે. પણ ફરી એકવાર આ સૂચનાનો ભંગ કરી સર્વેશ્વરી આજે નીચે બાર વાગ્યા સુધી બેઠાં છે.

પૂ. શ્રીએ આજે પહેલી જ વાર પોતાના રૂમનાં દ્વાર અંદરથી બંધ કરી દીધાં. સર્વેશ્વરી પૂ. શ્રીના રૂમમાં જેમ માતાજી રહે તે રીતે જ રહે છે. આજે બહારગામના ભાવિકો અમારા યજમાનને ત્યાં જ રોકાયા હતા, તેથી સ્વાભાવિક રીતે સર્વેશ્વરી પ્રેમભાવથી પ્રેરાઇ તેમની પાસે બેઠાં. માતાજીની વાતો કરી.

ઉપર જ્યારે પૂ. શ્રીના રૂમમાં સર્વેશ્વરી આવે છે ત્યારે પૂ. શ્રી આજે પ્રથમવાર પોતાના દ્વાર અંદરથી બંધ કરી દે છે. સર્વેશ્વરી બહાર ઉભાં રહી ધીમે ધીમે ટકોરા મારે છે. ૧૫–૨૦ મિનિટ થઇ



ગઇ છે છતાં દ્વાર ખુલતાં નથી.

સર્વેશ્વરી પોતે પૂ. શ્રીના સૂચનની વિરુદ્ધ વર્તન કરીને ઊભાં છે, એનો પસ્તાવો મનમાં કરતાં ઊભાં છે. કસ્તુરબા ને ગાંધીજીએ એ રીતે એકવાર ઘરની બહાર રાતે કાઢી મૂક્યાં. કસ્તુરબા કહે, "તમને શરમ નથી આવતી, મને શરણ આવે છે." એ સાંભળી કસ્તુરબાને ગાંધીજી અંદર લઇ લે છે, તે પ્રસંગ પણ યાદ આવ્યો. ગાંધીજીના આશ્રમના ભોજનાલયમાં મહાદેવભાઇ દેસાઇના પુત્ર નારાયણભાઇ મોડા પડે છે. દ્વારબંધ થઇ જાય છે, નારાયણ 'મંગલ મંદિર ખોલો, દયામય' એ ગાવા લાગે છે. દ્વાર ઉઘડે છે. એ પ્રસંગ પણ યાદ આવી જાય છે.

ઘડીભર મંગલ મંદિર ખોલો—એ ગાવાનું મન થયું. આખરે દ્વાર ઉઘડયાં.

"પૂ. શ્રી ખૂબ ગંભીર હતા. પૂ. શ્રીએ કહ્યું—સવા બાર થયા છે. તમારે મારી સાથે રહેવાનું જ છે તો પછી નિયમિત બનો. આ રીતની અનિયમિતતા મને ગમતી નથી. અને તમે વારંવાર એ રીતે વર્તન કરો છો તો પછી હવે બીજા રૂમમાં જ તમારે સૂવાનું રાખવું. જેથી જ્યારે જ્યાં જેટલો સત્સંગ કરવો હોય એટલો કર્યા કરવો. મારા રૂમમાં જ સૂવું હોય તો પછી નિયમિત બનો."

"જુઓ, જે કોઇ આપણને મળવા આવે છે તેને વધારે સત્સંગનો લાભ જોઇતો હોય તો અહીં વધારે રોકાય. આપણે એક જ દિવસમાં આટલો બધો સમય આપીને આપણો કાર્યક્રમ અવ્યવસ્થિત કરીએ તે યોગ્ય નથી. જે આવે છે તે પોતાને માટે આવે છે."

"કેટલાયે બધા દૂરદૂરથી આવતાં હોય છે. એક મિનિટ પણ મારી સાથે ગાળવા, વાતો કરવા ઝંખતા હોય છે. તેઓને જે લાભ નથી મળતો તે તમને મળી રહ્યો છે. તમને તેની કિંમત નથી."

"આજે હું દ્વાર ખોલવાનો જ નહતો. આજે ભલે તમે બહારની રૂમમાં કે સત્સંગીઓ સાથે સૂઇ જાઓ. વિગેરે."

"આ આખીયે કડક છતાં જરૂરી સૂચનાઓની સામે સર્વેશ્વરી કોઇ દલીલ, વાત કે પ્રશ્નો કરતાં નથી. ચૂપચાપ સાંભળી લેવામાં આવે છે. એની પાછળ સર્વેશ્વરીની અવસ્થા શું કરૂણાજનક છે? શું ગુલામીના બંધનવાળી છે? ના, એમ માનવાની જરૂર નથી."

જે સર્વશ્રેષ્ઠ મહાપુરુષને ગુરુ–માર્ગદર્શક માન્યા, તેની છત્રછાયામાં રહી આધ્યાત્મિક વિકાસ કરવો હોય તો ગુરુની આજ્ઞા શિરોમાન્ય રાખવી જરૂરી છે. એ અંગે વારંવાર ગુરુની ઇચ્છાનું કે આજ્ઞાનું ઉલ્લંઘન થયું છે, થાય છે, એ સર્વેશ્વરી સારી રીતે જાણે છે. પોતાની ભૂલ–પોતાનું વર્તન અયોગ્ય હતું એ બરાબર સમજ્યાં, પણ હવે શું થાય?

હવે પશ્ચાત્તાપવાળા હૈયે પ્રભુને પ્રાર્થના કે સર્વેશ્વરીના જીવનને ગુરુદેવપ્રભુની ઇચ્છાપ્રમાણે હે પ્રભુ! વાળો. સર્વેશ્વરી કોઇ અનિચ્છનીય વર્તન ન કરે, નમ્ર, આજ્ઞાધીન, શ્રદ્ધાળુસાધક જેવાં રહીને સર્વશ્રેષ્ઠ આધ્યાત્મિક વિકાસ કરે એવાં બનાવી દો. હરિઃ ૐ.

(ક્રમશઃ)



# સંતોનું સામર્થ્ય

ઈશ્વરભાઇ ભક્ત (પરમાર્થી)

આપણને કોઇ પણ ઓળખતું ન હોય તેવા સ્થળે જવાનું ને રહેવાનું બને ત્યારે આપણને સ્હેજે મૂંઝવણ થતી હોય છે. શું આપણને સહારો મળશે ખરો? આપણે સ્વમાનપૂર્વક રહી શકીશું? અપમાનિત તો ન થવાયને? ખરેખર શું થશે? વિગેરે પ્રશ્નોની હારમાળા આપણા મનને વ્યથિત કરી મૂકતી હોય છે. સંતોને એવા સ્થળે એવી મૂંઝવણ નથી થતી તેનો મને અનુભવ છે.

પૂજ્ય યોગેશ્વરજી ઇ. સ. ૧૯૮૧ માં કેનેડાથી અમેરિકા આવ્યા ત્યારે અમને ચિંતા થયેલી. હું અમેરિકા પહેલ વહેલો ગયેલો. મારી ખાસ ઓળખાણ ન હતી. અમારા સમાજના (રામકબીર ભક્ત સમાજના) પ્રમુખ ત્યારે શ્રી છગનભાઇ ભુલાભાઇ હતા. તેઓ છેલ્લા પચ્ચીસ વર્ષથી અમેરિકામાં રહેતા હતા. તેમની ઓળખાણ વિશેષ પ્રમાણમાં હતી. જેણે ટિકિટ મોકલીને પૂજ્યશ્રીને અમેરિકા બોલાવ્યા હતા તે શ્રી ભગવાનજીભાઇ (અલોહા મોટેલના માલિક) પણ મર્યાદિત ઓળખાણ પિછાણવાળા હતા. પૂજ્યશ્રીને ક્યાં ઉતારવા ને કેવી રીતે સેવા કરવી તેની ચિંતા ન હતી. પણ પૂજ્યશ્રી મહાન સંત હોવા છતાં લોકોમાં પ્રસિદ્ધ ન હતા. કોઇ જાણીતા સંત આવતા હોય તો તેને સાંભળવા લોકો પડાપડી કરતા હોય છે. મોટા પ્રમાણમાં શ્રોતાજનને કેવી રીતે ભેગા કરવા તે અમારી મોટી સમસ્યા હતી.

શ્રી છગનભાઇએ અને શ્રી ભગવાનજીભાઇએ લાગતા

વળગતા ભાઈબ્હેનોને ફોન કરી અગાઉથી જાણ કરી દીધેલી. બપોરની સભાનો સમય ૧૧ાા થી ૧ પૂજ્યશ્રીએ અગાઉથી જણાવી દીધેલો એટલે પહેલે દિવસે થોડા પણ શ્રોતાઓ ભેગા થશે એવી આશા બંધાયેલી. પરંતુ પહેલે દિવસે સમય થઇ ગયો હોવા છતાં હું, છગનભાઈ ને ભગવાનજીભાઈ સિવાય કોઇ હાજર નહોતું. સદ્‌ભાગ્યે પૂજ્યશ્રીએ કહેવરાવ્યું કે આજે આરામનો દિવસ હોવાથી કાર્યક્રમ ગોઠવશો નહિ. અમને તેથી રાહત તો થઇ. પણ બીજે દિવસે શું કરીશું?

શ્રી ભગવાનજીભાઈએ તથા શ્રી છગનભાઈએ થોડો પ્રયત્ન કર્યો, તો બીજે દિવસે સાડા અગિયાર વાગ્યે ત્રણ આગેવાન ગણાતા ભાઈઓએ આપવાનું કબૂલ્યું. અમને થોડી નિરાંત થઇ. બીજે દિવસે તેઓ સમયસર આવી લાગ્યા. અમને આનંદ થયો. તેઓ ઘણા બધા પ્રશ્નો લખીને સાથે લાવ્યા હતા. કોઇ સામાન્ય સંત હશે તો પરખાય જશે એવો તેમનો મનોભાવ હતો. મહાત્માજી બરાબર ૧૧ાા વાગ્યે પોતાની રૂમમાંથી બહાર નીકળ્યા અને અમે બેઠાં હતાં ત્યાં આવ્યા. શ્રોતાઓમાં અમે પાંચ ભાઈઓ ને બે ત્રણ બહેનો હતાં. પૂજ્યશ્રીએ થોડી ધૂન ગવરાવી ને પછી વાર્તાલાપ ચાલુ કરી દીધો. પેલા ભાઈઓને કંટાળો નહોતો આવતો તે સ્પષ્ટ પારખી શકાતું હતું. વાર્તાલાપ બરાબર પોણો કલાક ચાલ્યો. વાર્તાલાપ પૂરો કરી પૂજ્યશ્રીએ કોઈને કાંઇ પ્રશ્ન હોય તો પૂછવા જણાવ્યું. પેલા ભાઈઓ પાસે ઘણા પ્રશ્નો હતા પણ કોઈએ પ્રશ્ન પૂછ્યો નહીં. તેઓના તમામ પ્રશ્નોના જવાબ પૂજ્યશ્રીએ વાર્તાલાપમાં જ આપી દીધા હતા. વગર પૂછ્યે પ્રશ્નોના જવાબ મળી ગયા તેથી તેઓ સૌ પ્રભાવિત થયા હતા. તે કારણે પછીના દિવસોમાં સારી સંખ્યામાં શ્રોતાજનો ભેગા થવા લાગ્યા હતા.



આ રીતે પૂજ્યશ્રીએ પોતાના આંતરિક વિકાસનો એવી સુંદર રીતે પરિચય આપી દીધેલો કે ત્યાર પછી અમારે ખાસ કંઇ કરવાનું રહ્યું જ નહિ. સાંભળીને જનાર પૂજ્યશ્રીના પ્રચારક બની ગયા જેથી દરરોજ નવા નવા શ્રોતાઓ આવવા લાગ્યા હતા.

પહેલે દિવસે જ અલોહા મોટેલના ચોગાનમાં સાંજે આંટા ફેરા મારતી વખતે મેં પૂજ્યશ્રીને અમારી મૂંઝવણની વાત કરી હતી. ત્યારે તેમણે સ્પષ્ટ કહેલું કે જે શક્તિ અમને અહીં લઇ આવી છે તે જ બધી વ્યવસ્થા કરશે. તમે શા માટે ચિંતા કરો છો? બીજે દિવસે ખરેખર બન્યું પણ તેવું જ! શ્રી ભગવાનજીને નિમિત્ત બનાવી પરમ શક્તિએ પોતાનો સુંદર પરિચય આપી જ દીધો. કોણ સાંભળવા આવશે તેવી અમારી મૂંઝવણ સદંતર ટળી ગઇ હતી. આવનાર ભાઈઓના પ્રશ્નો પૂજ્યશ્રી કેવી રીતે જાણી ગયા હશે? મહાપુરુષો પોતાના સામર્થ્યનો પરિચય પોતે જ અલૌકિક રીતે આપી દેતા હોવાથી તેઓ અજાણ્યા પ્રદેશોમાં અજાણી વ્યક્તિઓ વચ્ચે કદી પણ મૂંઝવણ અનુભવતા નથી તેનો મને પ્રત્યક્ષ પરિચય આ રીતે અમેરિકામાં થયેલો.

અહીં ગગનગિરિ સ્વામી મહારાજનો એક પ્રસંગ યાદ આવે છે. તેઓ હજી પણ ૧૧૫ વર્ષની ઉંમરે હયાત છે. તેમનાં દર્શન કરવાનું મને સદ્‌ભાગ્ય ઇ. સ. ૧૯૮૩ માં પ્રાપ્ત થયેલું. તેમણે પાણીમાં બેસીને તપશ્ચર્યા કરેલી તેથી તેમની પગની પાટલી અને હાથ માછલાંઓ ટોચી ખાઇ ગયેલાં. તેથી આજે તો તેઓ ચાલી શકતા નથી. ગબડીને અહીં તહીં જઇ શકે છે.

તેઓ કોલ્હાપુરથી ત્રીસ માઇલ દૂર ગગનગઢ નામના પર્વત પર પથ્થરની ગુફામાં આજે રહે છે. તે પર્વત પર તેઓ ક્યારે કેવી

રીતે પહોંચ્યા ને તેમને ગગનગિરિ શા માટે કહેવામાં આવે છે તે પણ એક રસિક કિસ્સો છે.

ભારત આઝાદ થયું તે પહેલાં બાવડા સ્ટેટનો રાજા શિકારે નીકળ્યો હતો. સાથે પોતાની જીપ હતી. રસ્તે વાઘનાં બે બચ્ચાં સામે મળ્યાં એટલે જીપ ઊભી રાખી રાજા તેનો પીછો પકડે છે. વાઘનાં બચ્ચાં દોડીને મોટા વૃક્ષની છાયામાં જાણે કે સંતાઇ ગયાં. એક તો જંગલ અને તેમાં વળી તોતિંગ ને મહાકાય વૃક્ષોની ઘટાઓને કારણે દિવસે પણ અંધારું લાગતું હતું. રાજાને ઝાડની પાસે પાણીનો ખાડો દેખાયો ને તેમાં એક બિહામણી આકૃતિ નજરે ચઢી. રાજા થંભી ગયો. બરાબર નજર કરી તપાસ્યું તો તે આકૃતિ માણસની લાગી. તે આકૃતિ પાણીના ખાડામાં બેઠેલી હતી. ઉઘાડું શરીર ને વાળ કાદવથી ખરડાયલા હતા. મુળે તો વર્ણ શ્યામ ને તેમાં કાદવથી લચપચ શરીર. મોટી બે ચળકતી આંખો જોઇને રાજા ડરી ગયો હતો, કારણ કે તેના ખોળામાં પેલા વાઘનાં બે બચ્ચાં ગેલ કરી રહ્યાં હતાં.

રાજાને થંભી ગયેલા જોઇ પેલી આકૃતિએ ઇશારો કર્યો કે બંદુક નીચે મૂકી દે અને અહીં આવ. રાજાએ તેમ કર્યું. તે આકૃતિએ ટપલી મારી વાઘનાં બચ્ચાંને તગેડી મૂક્યાં. રાજાએ નજીક આવીને જોયું તો તેઓ એક સંત હોવા જોઇએ તેની તેને ખાત્રી થઇ. કારણ કે વાઘનાં બચ્ચાં તેની સાથે ગેલ કરતાં હતાં, તે તેમના સામર્થ્યની સાબિતી હતી. તેથી તેણે પ્રથમ તો નમસ્કાર કરી રાજાએ સેવા કરવાની ઇચ્છા દર્શાવી. બે ત્રણ વારની વિનંતિ પછી મરાઠીમાં તેમણે પૂછ્યું. કે આ બાજુનો ગગનગઢ ડુંગર કોનો છે? રાજાએ કહ્યું કે તે મારા તાબામાં છે કારણ કે હું આ રાજ્યનો રાજા છું. તરત જ સંતે કહ્યું કે તો પછી તેના પર મને લઇ જા. રાજાએ તરત જ સંતની



વાતને સ્વીકારી અમલ કરી દીધો. શરીરને પાણીથી સાફ કરી ઉંચકી લીધું. રાજાને મનમાં થયું કે આ તો સાવ હલકું શરીર છે. તે જ ક્ષણે શરીરનું વજન ટનબંધી થઇ ગયું હોય તેમ તે રાજા નીચે બેસી પડયો. સંતે બેસવાનું કારણ પૂછયું ત્યારે રાજાએ શરીરનું વજન એકદમ વધી ગયું ને મારાથી ઉંચકી નહિ શકાયું તે હકીકત જણાવી. સંતે તરત જ કહ્યું કે તો હવે ઉંચક. તારાથી ઉંચકી શકાશે. ફરીથી રાજાએ તે પ્રમાણે પ્રયત્ન કર્યો તો શરીર તો સાવ હલકું જણાયું. આ ઘટનાથી રાજા ખૂબ જ પ્રભાવિત થયો. તે પોતાની જીપમાં બેસાડીને સંતને તેમની મરજી અનુસાર ગગનગઢ પર મૂકી આવે છે. રાજાએ સંતને ડુંગર પર ગુફામાં પહોંચાડયા ત્યારથી રાજાએ તે સંતનું નામ ગગનગિરિ મહારાજ રાખ્યું. ત્યારથી લોકોમાં તેઓ ગગનગિરિ મહારાજ તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

ઇ. સ. ૧૯૬૩ માં સૂરતના ચાર બુદ્ધિજીવીઓ–શ્રી રમણલાલ જોષી, શ્રી બાબુભાઇ દવે, શ્રી જમિયતરામ વકીલ અને શ્રી ભીખુભાઇ પટેલ–દક્ષિણ ભારતની યાત્રા કરવા જવાનો નિર્ણય કરે છે. તેઓ ચારે જણા શ્રી રંગ અવધૂત મહારાજના શિષ્યો હતા. તેથી તેમની અનુજ્ઞા લઇ તેઓ પોતાની ટેક્ષીમાં યાત્રાએ જવા નીકળી ચૂક્યા હતા. જતી વખતે શ્રી રંગ અવધૂત મહારાજે એક જીવતા તીર્થનાં દર્શન કરી આવવાની ભલામણ કરી હતી. અને પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં ત્યાં જઇ શકાશે કે કેમ તેની તપાસ કરી આવવા જણાવેલું. સાથે એટલી તકેદારી રાખવાની ખાસ સૂચના પણ આપેલી કે ગગનગઢ પર રહેતા સ્વામીજીને ખબર ન પડવી જોઇએ કે રંગ અવધૂતના આ માણસો છે.

તેઓ ચારે જણા ખૂબ જ ઉત્સાહથી ગગનગઢની તળેટી પર પહોંચી ગયા. વાહન મૂકીને ઉપર ચઢવાની તૈયારી કરવા લાગ્યા.

ત્યારે ત્યાં ચાર લારીવાળાઓ હતા. તેઓ પ્રવાસીઓને ચણા, મમરા ને કેળાં સાથે લઈ જવાનો આગ્રહ કરતા. વળી એક જણે તો અત્યારે ન જાવ તો સારું એમ પણ કહ્યું. અત્યારે ચઢશો તો સાંજ ઉપર જ થઈ જશે. નીચે ઉતરતાં અંધારું થઈ જશે. અહીં જંગલી પ્રાણીઓનો ધાક છે. આ સાંભળીને સૂરતીલાલાઓને થોડો ખંચકાટ તો થયો. પરંતુ પૂજ્ય રંગ અવધૂતની કૃપા પર મદાર બાંધી શ્રદ્ધાથી આરોહણ તેમણે ચાલુ કરી દીધું. તેઓ ઉપર પહોંચી ગયા. તેમણે દૂરથી સ્વામીજીને પથ્થરની મોટી શિલા પર કાળા પથ્થરના તકિયે અઢેલીને બેઠેલા જોયા. સૌને આનંદ થયો.

એવામાં એક ઘોડી તેમની પાસે અચાનક દોડી આવી ને તે તેમને સૂંઘવા લાગી. તેઓ થર થર ધ્રૂજવા લાગ્યા. સ્વામીજીએ સૂચના કરી કે તમારા હાથના બે કેળાં એને ખવરાવી દો એટલે જતી રહેશે. તેમણે તરત જ તેનો અમલ કર્યો. ઘોડી જતી રહી.

નજીક જઈ જોયું તો જે તકિયો જણાતો હતો તે સળવળવા લાગ્યો. તે તો મોટો અજગર હતો. તે નજીકની ગુફામાં ચાલ્યો ગયો. બીજી બાજુ પાણીનો કુદરતી હોજ હતો. દર્શન ન આપવા માંગતા હોય તો ગભરાઈને સ્વામીજી હોજમાં ચાલ્યા જતા એવું ત્યાંના આદિવાસીઓએ કહેલું. પરંતુ આ લોકો તો સદ્‌ભાગી હતા. રંગ અવધૂતજીના કૃપાપાત્ર માણસો હતા. તેથી સ્વામીજીએ તેમને સુંદર રીતે આવકાર્યા.

પૂજ્ય રંગ અવધૂતે સૂચના આપેલી તે અનુસાર શ્રી રમણ-ભાઈએ રસ્તે આવતી વખતે મરાઠીમાં જવાબ આપવાની જવાબ-દારી સ્વીકારેલી. તેમણે નક્કી કરેલું કે જૂઠું બોલીને પણ આપણે આપણી જાતને સંતાડી રાખીશું.



નજીક જઈને સ્વામીજીએ પ્રથમ જ પ્રશ્ન પૂછ્યો કે ક્યાંથી આવ્યા? એટલે અગાઉથી નક્કી કર્યા મુજબ શ્રી રમણલાલ જોષીએ મરાઠીમાં જવાબ આપ્યો કે અમે સૌ ગુજરાતી છીએ. ગોળના વેપારી છીએ. એટલે ખરીદીમાટે કોલ્હાપુર આવ્યા હતા. ત્યાં તમારી ભાળ મળી એટલે દર્શન કરવા અહીં આવ્યા છીએ. સ્વામીજીએ ડોકું ધુણાવતા ધુણાવતા કહ્યું કે ના, તમે વેપારી નથી. તમે તો રંગ અવધૂતના ગુપ્તચર છો. સાંભળીને ચારે જણા સ્તબ્ધ થઈ ગયા. તેઓ ગજબ રીતે પકડાઈ ગયા. હવે શું કરવું? એકમેકની સામે જોઈ નક્કી કરી લીધું કે સત્ય હકીકત કહી દેવી. તેમણે જણાવ્યું કે રંગ અવધૂત અમારા ગુરુદેવ છે. તેમની તબિયત સારી રહેતી નથી. તેમને તમારાં દર્શને અહીં આવવું છે. સ્વામીજીએ તેમની વાત આનંદથી સ્વીકારી. પછી કેળાંનો પ્રસાદ આરોગ્યો. પછી વિદાય વખતે તેમણે કોઈને બૂમ મારી એક શ્રીફળ મંગાવ્યું ને સાથે બે ફૂલ આપી તેઓને સુપરત કર્યું. ને ખાસ ભારપૂર્વક કહ્યું કે આ શ્રીફળ અવધૂતજીને આપી દેજો ને કહેજો કે મને તમારો કરંટ લાગી ગયેલો તેની આ નિશાની છે. મારી બધી જ હકીકત આ શ્રીફળ કહી દેશે. તેઓએ જ્યારે આશીર્વાદ માંગ્યા ત્યારે તેમણે કહ્યું કે તમે સૌ ભાગ્યશાળી છો, દત્તના અવતાર સમાન અવધૂતજીના તમે ગુપ્તચર બની શક્યા! આ રીતે ત્યાં જ અંધારું થઈ ગયું એટલે સ્વામીજીએ ત્યાંના આદિવાસીઓને ફાનસ લઈ નીચે સુધી મૂકી આવવાની આજ્ઞા કરી.

નારેશ્વર પૂજ્ય અવધૂતજી પાસે આવીને પેલું નાળિયેર આપ્યું ત્યારે તેમણે માથે લગાવ્યું ને તેઓની વાત સાંભળી હાસ્ય કર્યું. પૂજ્યશ્રીએ આ રીતે સમર્થ સંતના દર્શન કરાવી સંતોની

અલૌકિકતાનો પરિચય કરાવ્યો. શ્રી રંગ અવધૂત સ્વામીજીને કદી મળ્યા નહોતા તોયે સ્વામીજી કેવી રીતે જાણી ગયા કે આ રંગ અવધૂતના માણસો છે? સ્વામીજીએ તો જાણે રંગ અવધૂતને ઓળખતા હોય તે જ રીતે વ્યવહાર કર્યો ને રંગ અવધૂતની મહાનતાનો પણ પરિચય કરાવ્યો! સંતોની અલૌકિકતાનું માપ કેવી રીતે કાઢી શકાય? વિચાર કરવા જઈએ તો બુદ્ધિ કામ કરતી નથી! ક્યાં નારેશ્વર ને ક્યાં કોલ્હાપુર! તો યે બે મહાન સંતો એકમેકને કેવી સરસ રીતે ઓળખી લે છે! સમર્થ સંતોને કાંઈ અજાણ્યું હોતું જ નથી! સર્વ કાળે સર્વ સ્થળે સર્વથી તેઓ જાણે કે જ્ઞાત જ હોય તેમ તેઓ વર્તે છે અને આપણા જેવા સામાન્ય માણસોને અચંબામાં નાંખી દે છે! (સમાપ્ત)

## પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં દર્શન

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી પોતાની એક વર્ષની વિદેશયાત્રા બાદ ભારત પધારી રહ્યાં છે. સાધકોને તેમનાં દર્શનનો લાભ તા. ૧૯/૧૦/૯૦ ને નવા વર્ષના દિવસે શ્રી જીતુભાઈ ગાંધી, ૫૫, અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા–૫ ખાતે બપોરે ૧૨ થી ૨ સુધી મળી શકશે.

એજ રીતે તા. ૨૩–૧૦–૯૦ નો લાભપાંચમને દિવસે બપોરે ૧૨ થી ૨ સુધી સત્યપથ. સકલ એપાર્ટમેન્ટ, એક્સ–૩, ૪ નારણપુરા પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ–૧૩ ખાતે તેઓશ્રીનાં દર્શનનો લાભ સાધક ભાઈબહેનો લઈ શકશે.



# મારા ગુરુદેવ–મારી નજરે (૩)

નારાયણ હ. જાની

ઘણા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને શ્રી યોગેશ્વરજીના મારી સાથેના પરિચયથી ને મૈત્રીથી આશ્ચર્ય પણ થતું! કારણ કે અન્ય વિદ્યાર્થીઓ સાથે સાવ અતડે જણાતો આ વિદ્યાર્થી મારી સાથે ખૂબ સહજતાથી ભળતો ને આત્મીય જન જેવો વ્યવહાર કરતો. એવું કયું તત્ત્વ અમારા પરસ્પરના આ સંબંધ માટે કારણરૂપ હતું, એ વાતથી તે વખતે અમે બન્ને અજ્ઞાત હતા.

અંગ્રેજી પાંચમા ધોરણમાં એક વિશેષ ઘટના બની. એક હસ્તલેખિત માસિક કાઢવાનું અમે વિચાર્યું. માસિકનું નામ 'ચેતન' રાખેલું. એમના તંત્રી તરીકે શ્રી યોગેશ્વરજી હતા અને હું તેમનો સહતંત્રી હતો. કયા કારણે એમણે મારી આ માટે પસંદગી કરી, તેની મને ખબર નથી; પરંતુ અમારી પરસ્પરની સહજ મૈત્રી અને તેમનો મારા પ્રત્યેનો પ્રેમભાવ કારણભૂત હશે એમ માનું છું.

આ માસિકના સંપાદન કાર્યમાં સહભાગી થવાથી મને બે વાતની પ્રતીતિ થઈ. એક તો એમના સુંદર મરોડદાર છતાં સૌથી જુદા તરી આવતા અક્ષરો અને લખાણની લઢણ અને બીજી એમનામાં રહેલી સાહિત્યીક શક્તિ. તે વખતે પણ તેઓ નાની નાની કવિતાઓ લખતા, અને લેખો પણ. અમારા અંગ્રેજી ચોથા ધોરણના વર્ગ શિક્ષક શ્રી કે. એમ. ઠક્કર એમનામાં ઘણો રસ લેતા. એમનાં રચેલ ગીતો કે કવિતાઓ વર્ગમાં કદીક વાંચી સંભળાવતા. એમને પ્રોત્સાહન આપતા ને કહેતા "આ ભાઈલાલમાં હું ભવિષ્યના એક

સારા ગુજરાતી કવિ અને સાહિત્યકારનાં દર્શન કરું છું."

એ વખતે મારી કોઇ વિશિષ્ટ શક્તિ ન હતી કે એમની સાહિત્યીક કૃતિઓની ગુણવત્તા હું બરાબર સમજી શકું. પરંતુ મને એમની રચનાઓ ગમતી. અંદરખાનેથી હું એનો પ્રશંસક બની ગયો હતો.

## અનોખી એકાંતપ્રિયતા

શ્રી યોગેશ્વરજીને વિદ્યાકાળથી જ એકાંત બહુ ગમતું. ઓરફનેઝમાં લગભગ બધા જ વિદ્યાર્થીઓ સમૂહમાં સૂતા, તો તેઓ પહેલાં હોલની લોબીમાં, ને પાછળથી અગાસીની છત નીચે કે ખુલ્લામાં એકલા જ સૂઇ રહેતા. અભયપણું કે એકાંતપ્રિયતા ન હોય તે આવી રીતે સૂઇ ન શકે; કારણ કે આ અગાસીમાં ભૂત રહે છે એવી માન્યતા વિદ્યાર્થીઓમાં પ્રચલિત હતી. એટલે દિવસે પણ વિદ્યાર્થીઓ અગાસીમાં આવતા ડરતા.

એક મરાઠી, એક બ્રાહ્મણ અને એક પારસી જેઓ આ મકાનના મૂળ માલિકો હતા, તેઓ મૃત્યુ પછી પ્રેત થયા છે, ને કેટલાક વિદ્યાર્થીઓ અને ઓરફનેઝના રસોયાઓએ જોયેલા—એવી વાતો ઓરફનેઝના વિદ્યાર્થીઓમાં થતી. પરંતુ શ્રી યોગેશ્વરજીના મન ઉપર આ વાતોથી કોઇ ભયની લાગણી પેદા ન થતી. મેં પણ તેઓ જે અગાસીમાં સૂતા તે ઘણી વખત જોયેલું. મારી ઓરફનેજની મુલાકાતના સમયે મોટેભાગે અમે અગાસીમાં બેસતા કે ચોપાટીના દરિયા કિનારે ફરવા જતા રહેતા.

શ્રી યોગેશ્વરજીના વિદ્યાભ્યાસ દરમ્યાન—ઓરફનેઝ સંસ્થાની અગાસીએ, પાસેના મેદાને, ચોપાટી અને હેંગીગ ગાર્ડને કુદરત સાથેનો એમનો સંપર્ક સ્થાપવામાં, એમની આત્મલક્ષી સાધનામાં સહાયરૂપ થવામાં, અનેકો વચ્ચે રહેવા છતાં મનથી એકાંત શોધી



લેવાની તાલીમ આપવામાં, મહત્ત્વનો ફાળો આપ્યો છે. સંસ્થાના ગૃહપતિની મુગ્ધાવસ્થામાં પ્રવેશ કરતી પુત્રી સાથેના પ્રસંગોએ સમગ્ર નારી જાતિમાં મા જગદંબાનું જ દર્શન કરવાની, મનની વૃત્તિઓને તપાસવાની, ને આત્મસંયમની કસોટી કરવાની ભૂમિકા પૂરી પાડી, જેણે એમને ભાઇલાલમાંથી ભગવાન સુધીની કક્ષાનો વિકાસ કરવામાં મદદ પહોંચાડી. પ્રભુએ કે ભાગ્યવશાત્ નિર્મિત થયેલી હરેક પરિસ્થિતિનો એમણે આત્મિક સાધનામાં વિકાસ કે પ્રગતિ કરવાના સાધન તરીકે ઉપયોગ કર્યો. પોતાને સહજરીતે પ્રાપ્ત થયેલી પ્રતિકૂળતાઓનો એમણે જીવનમાં કદી દોષ કાઢયો નથી કે રોદણાં રોયા નથી. દરેક પ્રતિકૂળતામાં પણ પ્રભુની કે મા જગદંબાની મંગલમયતાનું જ એમણે દર્શન કર્યું છે. કેવળ ગુણગ્રાહી દૃષ્ટિ એટલે કોઇ ખોટી વસ્તુને મન પર લેજ નહિ. જીવનમાં રચનાત્મક અભિગમને જ સ્થાન, ખંડનાત્મક કે નિરાશાવાદને સ્થાન જ નહિ. આત્મિક સાધનાના સાધકને આવશ્યક એવા સદ્‌ગુણોનો જાણે કે જન્મજાત વારસો એમને મળેલો; એમ પાછળથી મને જણાયું.

## મેટ્રીક પછી...

૧૯૩૯ ના જૂનમાં અમે મેટ્રીક પાસ કરી, કોલેજમાં આવ્યા. મારો વિચાર ખેતીવાડીનો અભ્યાસ કરવાનો હતો. પરંતુ મુંબઇમાં તે માટેની કોઇ કોલેજ ન હતી તે માટે તે વખતે પૂના જવું પડતું. ઘરની પરિસ્થિતિ એવી ન હતી કે મને હોસ્ટેલમાં રાખી ભણાવી શકે. મારા ગામમાં મેટ્રીક પાસ થનાર હું પહેલો વિદ્યાર્થી હતો. એટલે મારા સમવયસ્ક ગામના યુવાનોમાં મારે માટે સારો આદર જન્મ્યો હતો. વળી હું ૬૬% માર્કસ સાથે મારી શાળામાં બીજા નંબરે પાસ થયો હતો એટલે શાળાના ટ્રસ્ટ તરફથી મને કોલેજના પ્રથમ વર્ષની ફી

મળી હતી.

ખેતીવાડીના આગળના અભ્યાસક્રમની મારી ઈચ્છા પૂરી થાય તેમ ન હોવાથી, મને ગમતા સાહિત્યના વિષયો લઈને મેં સેન્ટ ઝેવિયર કોલેજમાં ફર્સ્ટ ઈઅર આર્ટસમાં પ્રવેશ મેળવ્યો.

પૂ. શ્રી યોગેશ્વરજીએ પણ મેટ્રીક પછી પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો અને તેઓએ ચોપાટી પરની વિલ્સન કોલેજમાં આર્ટસમાં પ્રવેશ લીધો. વળી મેટ્રીક પછી ઓરફનેઝમાં વિદ્યાર્થીઓને રાખતા ન હોવાથી, તેઓને મુંબઈમાં તે વખતે ગોવાલિયા ટેંક ઉપર આવેલી. જી. ટી. બોર્ડીંગમાં ફ્રી બોર્ડર તરીકે પ્રવેશ મળેલો. તેમાં તેઓની ઓરફનેઝના ગૃહપતિએ મદદ કરેલી એવું મને યાદ છે.

અહીં પૂ. શ્રીની ભાવનાને પોષક સરસ વાતાવરણ હતું. બોર્ડીંગનું જૂનું છતાં વિશાળ મકાન હતું. દરેક વિદ્યાર્થીને સૂવા માટે—છત્રીયુક્ત અલગ પલંગ હતો. સંસ્થાની પોતાની લાયબ્રેરી હતી. તેમ જ આગળના ભાગમાં સરસ બગીચો હતો. બોર્ડીંગનો પાછળનો ભાગ હેંગીંગ ગાર્ડન જવાના રસ્તા ઉપર પડતો. વળી કોલેજની સામેની ચોપાટીની રેતીનો સરસ પટ અને સમુદ્રનાં સતત ઉછળતાં મોજાં દેખાતાં. આમ મા જગદંબાએ પૂ. શ્રી યોગેશ્વરજીને ગમતા સમુદ્ર ને હેંગીંગ ગાર્ડનનું વધું નજીકનું સાન્નિધ્ય પૂરું પાડયું હતું.

અમારી કોલેજો જુદી હતી, પરંતુ એમની અલગતાએ અમારી વચ્ચે ગાઢ બનેલ મૈત્રી સંબંધને કોઈ હાનિ પહોંચાડી નહિ. હવે અમે રોજ મળી ન શકતા એ ખરું, પરંતુ દર અઠવાડિયે એકવાર જરૂરથી મળતા. શનિ—રવિમાં કાં તો પૂ. શ્રી મારે ઘેરે આવતા કે હું તેઓને ચોપટી ઉપર મુકરર કરેલા સ્થાને મળતો. બોર્ડીંગમાં પણ કોઈ કોઈવાર હું જતો.



અહીં આવ્યા કેડે તેઓની સાધના વધુ ઉત્કટ બની. વાતાવરણની અનુકૂળતા અને કોલેજના અભ્યાસમાં બપોર પછીનો છૂટીનો સમય—સહાયક બન્યાં. આથી તેઓને આધ્યાત્મિક પુસ્તકોનું વાંચન મનન કરવાનો ઘણો સમય મળી રહેતો. વળી હવે બોર્ડીંગમાં વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી એટલે વાતાવરણીય વિક્ષેપ હતો નહિ. તેઓ અહીં રાત્રે બાર વાગ્યા પછી ઊઠી જતા અને એક ઝાડ નીચે, શરીર પરથી કપડાં કાઢી નાંખી ધ્યાનમાં બેસતા. એ ઝાડ પણ તેઓએ મને બતાવેલું.

તેમની આ પદ્ધતિ વિચિત્ર લાગતી અને સાથે બોર્ડીંગમાં રહેનાર બીજા વિદ્યાર્થીઓને તેઓ કંઈક ન સમજાય તેવા લાગતા. વળી તેઓ બીજાઓ સાથે સંપર્ક બહુ ઓછો રાખતા અને જરૂર સિવાય કોઈ વાતચીત પણ કરતા નહિ. પાછળથી ઘણા સમયે શ્રી રામકૃષ્ણ પરમહંસનું જીવન વાંચતાં, તેમની આવી પદ્ધતિ કેટલાક સમય પર્યંત હતી, એવું ગજબનું સામ્ય મને જણાયું.

વહેલી સવારે ઊઠી તેઓ ગાર્ડન ઉપર ચાલ્યા જતા ને ત્યાં બાંકડા ઉપર બેસી, નિસર્ગના સૌંદર્યને નિહાળતા અને ઉગતા સૂર્ય સામે જોઈ ધ્યાન કરતા. એકવાર એવું બન્યું કે ગાર્ડન ઉપર વહેલી સવારે બહુ જૂજ માણસો હતાં. ત્યાં ત્રણેક યુવાન રૂપાળી બહેનો સાથે ફરવા આવેલી. તેઓ પૂ. શ્રી જે બાંકડા ઉપર બેઠા હતા ત્યાં આવીને બેઠી. તેમની પરસ્પરની વાતચીત તેમ જ વ્યવહાર સ્ત્રી-સહજ સંકોચ—યુક્ત ન હતો; કંઈક ઉચ્છંગલ કહેવાય એવો હતો; પૂ. શ્રી પાસે બેસી તેઓ ચિત્રવિચિત્ર ચેનચાળા કરવા લાગ્યાં. પરંતુ તેઓએ તે વખતે કંઈ પ્રતિભાવ ન બતાવ્યો એટલે છેવટે તે બહેનો ઊઠીને ચાલી ગઈ. જાણે તેમના પવિત્ર મનોભાવોની કસોટી કરવા

ન આવી હોય!

યોગેશ્વરજી પોતાના વિદ્યાભ્યાસ કાળથી જ રોજ રાત્રે પોતાની રોજનીશી લખતા. તે દિવસે રોજનીશી લખતાં લખતાં સવારનો પેલો પ્રસંગ સહેજે યાદ આવતાં તેઓને ખૂબ દુઃખ થયું. તેઓએ હરેક સ્ત્રીમાં મા જગદંબાનું દર્શન કરવાની જે ટેવ પાડી હતી, તેથી તેમને તે સ્ત્રીઓના આવા કલુષિત વર્તનની વ્યથા એવી થઇ કે મા જગદંબાને પ્રાર્થના કરતાં એમનું કપાળ એવી રીતે જમીન કે બાજુની ભીંત સાથે ઘસાયું કે તેની ચામડી ઉખડી ગઇ. લોહી નીકળી આવ્યું. સ્ત્રી માત્ર પ્રત્યેનો આવો પવિત્ર અભિગમ અને તે પણ ઉગતી યુવાનીના આરંભકાળમાં. લોકો ન સમજી શકે એવી આ વાત હતી.

તે દિવસ પછીના રવિવારે તેઓ મારે ત્યાં આવ્યા, ત્યારે મારાથી સહજ રીતે પૂછાઇ ગયું, 'અરે, આ કપાળમાં શું વાગી ગયું?' એમણે પહેલાં તો મારા પ્રશ્નનો ઉત્તર ટાળ્યો. પરંતુ પાછળથી ઉપર પ્રમાણેની સઘળી હકીકત જણાવી. પોતાની જાતની મનોવૃત્તિ ચકાસવાની, તથા મનના કોઇ અજ્ઞાત ખૂણામાંથી પણ અપવિત્ર વિચાર ન પેસી જાય, તેની સતત જાગૃતિ તેઓ રાખતા. વળી ગમે તેવો બીભત્સ વ્યવહાર કરતી સ્ત્રી એમને મન તો મા જગદંબાનું સ્વરૂપ જ બની રહેતી અને તેના મંગલ માટે પણ તેઓ પ્રાર્થના કરતા.

વિલ્સન કોલેજના એક વર્ષના અભ્યાસકાળ દરમ્યાન તેઓ આખી કોલેજમાં એક પ્રતિભા સંપન્ન વિદ્યાર્થી તરીકે ખ્યાતિ પામી ગયા હતા, કારણ કે તે વર્ષે કોલેજ તરફથી પ્રસિદ્ધ થતા Wilsonian અંકના ગુજરાતી વિભાગનાં શ્રેષ્ઠ ગદ્ય લેખ ને શ્રેષ્ઠ કવિતાનાં



ઇનામો તેઓને મળેલાં. વળી કોલેજની Debateની ચર્ચામાં ભાગ લેતાં, બી. એ. અને એમ. એ.ના વર્ગોના વિદ્યાર્થીઓની પ્રતિ-સ્પર્ધામાં તેઓને સર્વશ્રેષ્ઠ વક્તાનું પ્રથમ ઇનામ પણ મળેલું.

તેઓની Debateની આ વાત અમારા જ મકાનમાં રહેતા ને વિલ્સન કોલેજમાં બી. એ.માં અભ્યાસ કરતા શ્રી જમનાશંકર-ભાઇએ અમને કરેલી. તે ભાઇ પાછળથી ગૃહત્યાગ કરી સન્યાસી બની ગયેલા ને પૂ. શ્રીને ઋષિકેશમાં મળેલા. એનો ઉલ્લેખ આત્મકથામાં છે.

શ્રી યોગેશ્વરજીનું અંગ્રેજી, સંસ્કૃત ને ગુજરાતી ઘણું સારું હતું, એ હું જણાવી ગયો છું. તે વર્ષે વિધિની વિચિત્રતા કહો કે ભગવાનની ઇચ્છા કહો, ગમે તેમ પણ કોલેજના પહેલા વર્ષમાં તેઓ ઇતિહાસના એક વિષયમાં નાપાસ થવાથી, તેમને નાપાસ જાહેર કરવામાં આવ્યા. બીજા બધા વિષયોમાં સારા ગુણ હોવા છતાં તેમનો કોલેજનો અભ્યાક્રમ અહીં અટકી ગયો.

આ અંગે મેં પૂછતાં તેઓએ મને કહેલું, "અમારી ઇતિહાસની પારસી લેક્ચરર મીસ દસ્તુરના સરસ મજાના વાળ બારીમાંથી આવતા પવનમાં એવા સરસ ઉડતા કે હું, તેજ જોયા કરતો ને તે જોવામાંથી નવરો પડું એટલે સમુદ્રનાં મોજો, તેમાં છૂટી છવાઇ એકાકી તરતી હોડીઓ વગેરે જોયાં કરતો. મને ઇતિહાસની વિગતો શુષ્ક લાગતી. એના કરતાં સજીવ પ્રાકૃતિક દૃશ્યો ને સુંદર સ્ત્રીઓની સુંદરતામાં જગદંબાનું દર્શન કરવાનું વધુ રસપ્રદ લાગતું. વળી આખા વર્ષ દરમ્યાન એમણે અનેક લેખો, કાવ્યો ને ગીતો લખેલાં. તે ઉપરાંત આત્મિક સાધનાના ક્ષેત્રે તો જે કંઇ અદૃષ્ટ રીતે પ્રાપ્ત થયું તે જુદું. એટલે અભ્યાસની આ નિષ્ફળતામાં એમને મા જગદંબાની

ઈચ્છા જણાઈ ને એને તેઓએ એ રીતે સ્વીકારી લીધી."

પાછળથી તેઓ કહેતા કે જો અમે અભ્યાસમાં સફળ થયા હોત તો એક સારા પ્રોફેસર કે સાહિત્યકાર થયા હોત. પરંતુ અમારા ભાગ્યમાં મુંબઈ યુનિવરસીટીની પદવી લેવાને બદલે હિમાલયન યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવાનું પ્રભુએ નિશ્ચિત કરેલું, એટલે શું થાય? જે થયું તે સારા માટે થયું. અમારા અને બીજા અનેકોના માટે. ખરું કે નહિ? (ક્રમશઃ)


પ્રભુવિણ જે કંઈ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS:10001

ઓ.: ૨૫૬૬૮
ફે.: ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ.: ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨




# યોગામૃત

સુરેશભાઈ શાહ (કેનેડા)
(ટેલિફોન ઉપર)

વિદેશમાં વસતાં ઘણાં ભારતીય બાળકોને ગુજરાતી ભાષા બોલતાં કે લિપિ વાંચતાં બરાબર આવડતું નથી. આથી પૂ. મા શ્રી સર્વેશ્વરીએ આવાં બાળકોના લાભાર્થે શ્રી યોગેશ્વર બાવની, ગુરુસ્તુતિ, શ્રી યોગેશ્વર સ્તવનમાળા તેમ જ મા શ્રી સર્વેશ્વરીની બાવની વગેરેનું અંગ્રેજી લિપિ અને ભાષામાં રૂપાંતર કરાવી, તેની એક સરસ નિત્યપાઠ જેવી નાની પુસ્તિકા પોતાના ખર્ચે બનાવી બાળકોને ભેટ આપી. બાળકો તેનો હોંસે હોંસે પાઠ કરવા લાગ્યા છે.

બદલામાં પૂ. માના કહેવાથી ને સમજાવવાથી કેટલાંય બાળકોએ માંસાહારના ત્યાગની પ્રતિજ્ઞાઓ લઈ જીવન શુદ્ધિના નવા ક્ષેત્રે પગરણ માંડયાં છે. આ કેટલું મોટું કાર્ય છે? કોણ આવું કરે? એ તો પૂ. મા જ કે કોઈ સંત જ કરી શકે.

આ યોગામૃતના દરેક અંગ્રેજી અક્ષરનો શો અર્થ થાય, તે પણ પૂ. માએ આ બાળકોને સમજાવ્યું છે; તે કેવું સરસ છે ને તેનો ભાવાર્થ કેવો મનનીય છે, તે આપણે પણ જોઈએ.

## YOGAMRUT યોગામૃત

**Y** for yogeshwar always be with you.

**O** for offer yourself unconditionally to God.

**G** for goal of life is to achieve the Divine.

**A** for Anything is possible through the Divine grace

**M** for Maa will guide yor to the right track.

**R** for-Rememger-God always listens to your prayer.

**U** for Unknown companion of yours is God.

**T** for These days will also pass away.

you cannot know the meaning of your life unless and untild you are connected to the power that created you.

□

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.



# મનુષ્ય--જીવન

કમલ સુથાર

આ સૃષ્ટિમાં સર્વ પ્રાણીઓમાં મનુષ્યનું જીવન શ્રેષ્ઠ ગણાય છે. કેમકે મનુષ્ય સિવાય અન્ય પ્રાણીઓમાં બુદ્ધિ કે વિચારશક્તિ નથી. પશુઓ વિચાર કરી શકતાં નથી. સાર–અસારનો વિવેક કરી શકતાં નથી. પશુ ઊર્ધ્વગતિ કરી શકતાં નથી. પશુઓમાં સદ્‌ભાવ કે ભગવદ્‌ભાવનો આવિર્ભાવ થઇ શકતો નથી. તેઓનું જીવન અધઃગતિમાં પસાર થાય છે. આહાર, નિંદ્રા, ભય અને મૈથુન જેવી ક્રિયાઓમાં પોતાના જીવનની ઈતિ શ્રી કરી દે છે. આ સિવાય તેમના જીવનમાં કોઇ ઉદાત્ત લક્ષ્ય હોતું નથી. કોઇ સર્જનાત્મક વૃત્તિ હોતી નથી. પશુઓનું જીવન એ અધઃકોટિનું જીવન છે.

મનુષ્યનું જીવન આનાથી ઊંચી કોટિનું છે. કેમકે મનુષ્યમાં બુદ્ધિ છે. મનુષ્યમાં વિચારશક્તિ છે. મન છે. મનનશક્તિ છે. મનુષ્ય વિચાર કરી શકે છે. બુદ્ધિથી સાર–અસારનો નિર્ણય કરી શકે છે. એનામાં વિવેક છે. સંયમ છે. સદ્‌ભાવ છે. માણસાઇ છે. તેનામાં સદ્–અસદ્‌ને પારખવાની વિવેકદૃષ્ટિ છે. ઊર્ધ્વદૃષ્ટિ છે. આહાર, નિંદ્રા, ભય અને મૈથુનની ક્રિયાઓ સુધી તો પશુઓ અને માનવના જીવનમાં કોઇ ફર્ક નથી. પણ—મનુષ્યમાં જે વિવેક ને બુદ્ધિશક્તિ છે, વિચારશક્તિ છે, એજ માનવ–જીવન અને પશુ–જીવન વચ્ચેની ભેદરેખા છે. મનુષ્યનું જીવન અતિ મૂલ્યવાન છે. એટલે તો પરમ અનુભવી સંતો પણ કહે છે કેઃ–

"नहि ऐसो जनम बारंबार ।"

કેમકે મનુષ્ય જીવનમાં જ ભગવદ્પ્રાપ્તિ, મોક્ષ, આત્મ-સાક્ષાત્કાર, આત્મજ્ઞાન, શાશ્વતસુખ પ્રાપ્તિની સંભાવના છે. અન્ય જીવનમાં નહીં.

માનવ–જીવન શોભે છે એની માણસાઇ વડે. કેવળ કમાવું, પરિવારનું પાલન પોષણ કરવું, વ્યાવહારિક કાર્યોમાં સાંસારિક આટાપાટાઓમાં જીવન વીતાવી દેવું એનું નામ સાચું જીવન નથી. જીવન તો છે એક ચૈતન્યનો ફુવારો. એક વહેતી પાવન ગંગા. જીવનનો પહેલો છેડો જન્મ અને અંતિમ છેડો મૃત્યુ માનીએ તો પણ જીવનનો કદી અંત નથી. જન્મ અને મૃત્યુ એ શરીરનાં છે, આત્માનાં નથી. જન્મવું અને મરવું એમાં જીવનની સાર્થકતા નથી. પણ જન્મ લઇને મનુષ્ય કેવું જીવન જીવે છે, તેજ મહત્ત્વનું છે. ભલે તે ટૂંકું આયુષ્ય ભોગવે પણ માણસાઈની સુવાસ ફેલાવે તો તેનું જીવ્યું સાર્થક લેખાય. જેમ કે ફૂલ થોડું જીવે છે, પણ વાતાવરણમાં મધુર સુવાસ મૂકતું જાય છે. પણ ઘેટાં–બકરાં કે અન્ય પ્રાણીઓ સો વર્ષ જીવે તોય તેઓનું કોઇ મૂલ્ય નથી. સાર્થક જીવન વિષે રાજા ભર્તુહરિ કહે છેઃ

परिवर्तिनि संसारे मृत: को वा न जायते ।
स जातो येन जातेन याति वंश: समुन्नतिम् ॥

અર્થાત્ આ પરિવર્તનશીલ સંસારમાં કોણ નથી જન્મતું. અને કોણ નથી મરતું ! અર્થાત્ બધાંજ જન્મે છે, જીવે છે, અને મરે છે. વાસ્તવમાં તે મનુષ્ય જન્મ લે છે અથવા તેનો જન્મ લેવો સાર્થક ગણાય છે જેના જન્મ લેવાથી કૂળની ઉન્નતિ થાય છે.

જેનામાં ઉદાત્ત માનવીય ગુણો છે. જેવા કે દયા, પ્રેમ, કરુણા, મૈત્રી, સ્નેહ, સદ્ભાવ, ઔદાર્ય, આદિ. આવા ગુણવાન મનુષ્યનું



જીવન સાચા અર્થમાં સુવાસિત જીવન ગણાય. ઈર્ષા–દ્વેષ, છલ, કપટ, અને અદેખાઇના કિચડમાં જે ઉછલકૂદ કરે છે તેમનું જીવન વ્યર્થ જાય છે. ભગવદ્ભાવ કે સદ્ભાવની સુગંધથી જે જીવનને સભર બનાવે છે તેનું જીવન સાર્થક થાય છે.

સ્વમાન અને વિવેકપૂર્વકના સાહસથી જીવન શોભે છે. માનવધર્મ તેને સુગંધિત બનાવે છે. માનવીય ગુણ–ધર્મ જેનામાં હોય તેજ જીવિત ગણાય. બાકી મૂડદાં સમાન.

સ્વામી વિવેકાનંદ. પૂર્વાશ્રમના નરેન્દ્ર. જન્મ્યા. સંઘર્ષરત બન્યા. ઉદત્ત લક્ષ્ય નિર્ધારિત કર્યું આત્મસાક્ષાત્કારનું. અને તે માટે આદર્યો સતત શ્રેયનો પુરુષાર્થ. આત્મસાક્ષાત્કાર કરી તે નરેન્દ્રમાંથી બન્યા વિશ્વપ્રસિદ્ધ વંદનીય વિવેકાનંદ. અનેક મુમુક્ષુઓને ઊર્ધ્વજીવન જીવવામાં સહાયક બન્યા તે દિવ્ય–દીવાદાંડી સમાન. આજેય એમનું જીવન પ્રેરણા પિયૂષ પાય છે.

માનવ–જીવનમાં વાણીએ વિચારોના આદાનપ્રદાનનું મુખ્ય માધ્યમ છે. વાણી મીઠી, મધુર ને વિવેકપૂર્ણ હોય તો જીવન આનંદિત બને છે. અન્યને આનંદ–સુખ પ્રદાન કરે છે. વાણી એવી ઉચ્ચારવી કે જેનાથી પોતાને પણ સુખ મળે અને અન્યને પણ સુખી કરે. એક કવિ કહે છેઃ–

ऐसी बानी बोलिये मनका आपा खोय ।
औरन कूं सितल करे आपहूं सितल होय ॥

કૂટનીતિજ્ઞ ચાણક્ય પણ કહે છે કેઃ–

वाणी रसवती यस्य भार्या पुत्रवती सती ।
लक्ष्मीदावती यस्य सफलं तस्य जीवितम् ॥

અર્થાત્ જેની વાણી રસવતી હોય, પત્ની સતી સાધ્વી અને પુત્રવતી હોય, અને જેની લક્ષ્મી દાન–પરોપકારમાં વપરાતી હોય, તેનું જીવન સફળ કહેવાય છે.

જનની અને જન્મભૂમિની સેવા કરવી એ પણ સફળ–સાર્થક જીવનનું લક્ષણ છે. દીન–દુઃખી, પીડિત, વ્યથિત જનોની સેવા કરવી એ પણ સાર્થક જીવનનું લક્ષણ છે. જે પરોપકાર વગર જીવન જીવે તે મૃતક સમાન ગણાય. વૃક્ષો પરોપકાર કરે છે. સૂર્ય તેજ આપે છે. વાદળ જળ આપે છે. પ્રકૃતિનાં દરેક અંગ પરોપકાર રત છે. તો પછી મનુષ્યે શા માટે કૃપણ બનવું જોઈએ? પરોપકાર એ તો સજ્જનનો સહજ સ્વભાવ છે. અને આના લીધે જ મનુષ્ય પોતાના જીવનને ઉન્નતિના માર્ગે–ઊર્ધ્વગતિના માર્ગે લઇ જઇ શકે છે. ભગવાન શ્રીકૃષ્ણ પણ શ્રીમદ્ ભગવદ્ગીતામાં જીવનનું સાચું રહસ્ય બતાવતાં અર્જુનને કહે છેઃ–

कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन ॥

અર્થાત્ "હે અર્જુન તું કર્મ કર પણ ફ્લની આસક્તિ ન રાખ."

નિષ્કામ કર્મ, ભગવદ્ભાવ અને આત્મજ્ઞાનથી જ જીવન દિવ્ય અને સાર્થક બને છેઃ

■



## "ગુણલા ગોવિંદનાં ગાઓ !"

શ્યામ સુંદરને તમે મનમાં વસાવો ! (૨)
મનમાં વસાવો, હરિને તનમાં વસાવો;
ગુણલા ગોવિંદના ગાઓ ! (૨)

કામ–ક્રોધનાં જાળાં નિર્મૂળ કરજો ! (૨)
જ્ઞાન–ગંગામાં તમે નિશદિન ન્હાવો;
ગુણલા ગોવિંદના ગાઓ ! (૨)

શરણું સર્વેશ્વર કેરું સાચું જગતમાં ! (૨)
દીનતા ધરીને હરિને શરણે તો જાઓ;
ગુણલા ગોવિંદના ગાઓ ! (૨)

ભક્તિની શક્તિ વડે મનને તો જીતજો ! (૨)
ભક્તિ–સુધા–રસ પ્રેમે પીઓ ને પાઓ;
ગુણલા ગોવિંદના ગાઓ ! (૨)

'જગદીશ' માનવ–જીવન દિવ્ય બનાવો ! (૨)
સત્ય–સૌરભ જગમાં સઘળે ફેલાવો;
ગુણલા ગોવિંદના ગાઓ ! (૨)

જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી)

●

# પ્રભુ લઈ જાય છે હરિદ્વાર

વિજયભાઈ પુરોહિત (બાપજી)

સાધક જ્યારે ગુરુકૃપાએ સાધનાપંથે સાચા હૃદયથી વિકાસ કરવા પ્રયત્ન કરતો હોય છે ત્યારે એ સાધકને યોગ્ય સહાય મળી રહેતી હોય છે. અને ઈશ્વર જે સૌમાં રહેલ છે, તે જ ગુરુ બનીને સાધકને સ્વપ્ન દ્વારા, પ્રેરણાદ્વારા, ધ્યાનમાં અથવા પ્રત્યક્ષ દર્શન આપીને પથદર્શન પૂરુ પાડે છે. પરિણામે સાધનામાં વિશ્વાસ, આનંદ અને તીવ્રતા આવે છે.

ભગવાન પતંજલિ પોતાના યોગદર્શનમાં લખે છે "स एषः सर्वेषामपि गुरुः कालेनानवच्छेदात् ॥" અર્થઃ—એ ઈશ્વર પૂર્વ અનાદિકાળથી સહુનો ગુરુ છે. કાળ પણ તેનો અવચ્છેદ કરી શકતો નથી.

આ કથન આજે પણ સાધક પોતાના જીવનમાં અનુભવી શકે છે. અહીં એવો જ એક પ્રસંગ જોઈએ.

સપ્ટેમ્બર ૧૯૮૭ માં અમે કુંડી ગામ (તા. ધાનેરા, જી. બનાસકાંઠા, ઉ.ગુ.)માં હતા. અહીં અમે સ્નેહી શ્રી મેઘરાજભાઈના પિતાજીના સ્વર્ગવાસ નિમિત્તે પ્રાર્થના અને કીર્તન માટે આવ્યા હતા. શ્રીમેઘરાજભાઈ પૂ. મા–પ્રભુમાં શ્રદ્ધા–ભક્તિ ધરાવે, તેથી ખાસ આવવાનું બન્યું. અહીં પણ અમારું વ્રત (દૂધ અને ફળ પરનું) ચાલુ રહ્યું. આ વ્રત અમે અમારા પૂજ્ય માતાજીની મૃત્યુ પછીની ગતિ જાણવા માટે લીધું હતું. એ લક્ષ તો વ્હાલા પ. પૂ. મા–પ્રભુની કૃપાથી લગભગ બે મહિના પહેલાં શ્રી નર્મદા કિનારે પૂર્ણ થયું હતું. છતાં



સાધનાત્મક રીતે અનુકૂળ રહેવાથી વ્રત ચાલુ રાખ્યું. અહીં આવ્યા પછી વિચાર આવ્યો કે આ વ્રતનાં પારણા વ્હાલાં મા સર્વેશ્વરીના હાથે થાય તો કેવું સારું? આ સ્નેહ સભર વિચાર આવતાં જ સંકલ્પ કર્યો કે આ વ્રતનાં પારણાં પ. પૂ. મા સર્વેશ્વરી એમની ઈચ્છાએ કરાવે ત્યારે જ કરવાં." આ સંકલ્પની જાણ કોઈનેય કરવાની હતી નહી, કારણ કે કોઈને વાત કરીએ તો તે પૂ. મા સુધી પહોંચી જ જાય, અને પૂ. મા અમારી ઈચ્છાને જાણી વાત્સલ્યવશ પારણાં કરાવી જ દે. તેથી આ ભાવને હૃદયના એક ખૂણામાં સંતાડી રાખ્યો.

થોડાક દિવસો પછી પ. પૂ. માનો પત્ર તા. ૨૫–૯–૧૯૮૭ ના રોજ મળ્યો. જાણવા મળ્યું કે પ. પૂ. મા તા. ૨૦–૯–'૮૭ ના રોજ હરિદ્વાર (ગંગાજી) પહોંચવાનાં છે. આ પરમ મંગલકારી યાત્રામાં જોડાવાનું અમને પણ આમંત્રણ હતું. અતિ આનંદ થયો. જ્ઞાનીઓ, યોગીઓને દુર્લભ એવું પરમ પ્રેમસ્વરૂપા મા સર્વેશ્વરીનું સાન્નિધ્ય અને તે પણ પરમ પાવની મા ગંગાના કાંઠે, પ્રભુની કૃપા વિના થોડું મળે?

વળી આ માનો પૂર્ણ મહિમા જાણવા કોઈ સમર્થ નથી. જેના પર જેટલી માની કૃપા છે તેટલું તે સમજી શકે.

પણ પત્રને આગળ વાંચતાં ખ્યાલ આવ્યો કે આ પત્ર તો ઘણો મોડો મળ્યો છે. હજુ અહીંથી હરિદ્વાર જતાં બીજા બે દિવસ લાગે. તેથી લગભગ એક અઠવાડિયું નીકળી જાય અને પ. પૂ. મા ત્યાં કેટલું રોકાવાનાં છે તે તો લખ્યું જ નથી! જવું કે ના જવું એવી દ્વિધા પછી છેવટે નહીં જવાનું નક્કી કર્યું, કારણ કે ત્યાં ભીડમાં હેરાન થઈને જઈએ અને પૂ. મા જો ત્યાંથી પાછાં આવતાં રહ્યાં હોય તો? તેથી અમે ગયા નહીં.

તા. ૨૯–૯–'૮૭ ના રોજ બીજો પત્ર હરિદ્વારથી શ્રીવિજયભાઇ પંડિતજી અને શ્રી અતુલભાઇ કોન્ટ્રાક્ટરનો લખેલો મળ્યો. પત્ર ઘણો જ પ્રેમપૂર્વક લખાયો હતો. પત્ર વાંચતા જ મન હરિદ્વાર જવા તૈયાર થઇ ગયું. પણ આ પત્રમાં પણ તેઓ શ્રી ત્યાં કેટલું રોકાવાનાં છે તે તો લખ્યું જ ન હતું. તેથી ફરી મન અટવાયું. એક તો પત્ર મોડો મળે અને આરક્ષણ વગર જવું તે પણ આ ગામડાથી હરિદ્વાર પહોંચતાં પૂરા બે દિવસ થાય. હવે જવું કે ના જવું? શું કરવું? તેના અંતે એમ જ નક્કી કર્યું કે "ચાલ, હવે નથી જ જવું. હવે તો પૂ. મા હરિદ્વારથી નીકળી જ ગયાં હશે. હવે તો ઘણા દિવસ પૂ. માને ત્યાં ગયાંને થઇ ગયા છે!

તા. ૩૦–૯–'૮૭ ની વહેલી સવારે કુવા પર જઇ સ્નાન વગેરેથી પરવારી ધ્યાન કરી ઉદુંબરના ઝાડ નીચે ખાટલા પર બેસી "શ્રી વિષ્ણુ સહસ્રનામ"નો પાઠ કરતા હતા. ચાલુ પાઠે અનાયાસે અમારી નજર સામેના હરિયાળા ખેતર પર પડી. ક્ષણિક વિસ્મયકારક શાંતિ અચાનક અંતરમાં પ્રસરી ગઇ! અને એવામાં ત્યાં જ એ ખેતરમાં પ. પૂ. ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજી બંને હાથ ઉંચા રાખી આહ્‌વાહન કરતી મુદ્રામાં પ્રસન્ન વદને ઊભા હતા. દિવ્ય પ્રભા હતી. સસ્નેહ સ્મિત રેલાવતા ઊભા હતા. એજ શ્વેત વસ્ત્રોથી સજ્જ. સર્વ સુખની ખાણ સમા પ્રભુ અમારા તન, મન, અંતરમાં શાંતિ, આનંદ, પરમસુખ પ્રકટાવી અદૃશ્ય થઇ ગયા. દર્શન તો ક્ષણવારનું પણ આનંદ દિવસોનો આપી ગયું! દર્શન પછી તરત જ અંતઃપ્રેરણા થઇ કે પ્રભુ અમને હરિદ્વાર બોલાવી રહ્યા છે અને તરત જ હરિદ્વાર જવાનો નિર્ણય લેવાઇ ગયો. એ આનંદ માણીને થોડી વાર પછી પાઠ કરી દૂધ પીને હરિદ્વાર જવાનો નિર્ણય કુવાના માલિક શ્રી



ચમનાજી પુરોહિત અને ઉપસ્થિત શ્રી સોનાજી પુરોહિત તથા શિક્ષક શ્રી વિરમાભાઇને જણાવ્યો. તે સૌને આશ્ચર્ય થયું કે રાત્રે તો તમે ના કહેતા હતા અને અચાનક કેમ નિર્ણય કર્યો? અમે કહ્યું, "પ્રભુની ઇચ્છા હરિદ્વાર લઇ જવાની છે. તેથી ગયા વિના હવે ચેન નહી પડે" અમે સૌ સાથે કુવા પરથી ગામમાં આવ્યા.

ગામમાં આવી શ્રી મેઘરાજભાઇ તથા એમનાં માતાજીને કહ્યું કે અમે હરિદ્વાર જઇએ છીએ અને અત્યારે જ જવું છે. તેઓશ્રીએ કહ્યું કે તમે જાઓ છો પણ કદાચ મા (સર્વેશ્વરી) ત્યાં નહીં હોય તો? ખોટા હેરાન થશો. અમે કહ્યું કે "પ્રભુની ઇચ્છા છે તેથી કોઇ પણ સંજોગોમાં હવે તો જવું જ છે. ગામના બીજા પણ કેટલાક સ્નેહીજનો ભેગા થયા. સૌએ રોકાવાનો આગ્રહ કર્યો પણ હવે તો તન, મનની રોકાઇએ તેવી સ્થિતિ જ ન હતી, કારણ કે મન, અંતરમાં પ્રભુનાં દર્શનનો આનંદ અને પ. પૂ. વહાલાં માનાં દર્શન ગંગાના પાવન તટે થવાની આશા બંધાઇ હતી.

અમે, શ્રી હનાભાઇને ભારે ટાઇફોઇડનો તાવ હતો તેથી તેમને મળ્યા અને મા–પ્રભુનું સ્મરણ કરવાનું, દવા લેવાનું કહ્યું, એમને હિમ્મત બંધાવી, સપ્રેમ અમે બીજા સ્નેહીજનો સાથે એ કુંડી ગામની વિદાય લીધી. અમારી કીર્તનયાત્રા મા–પ્રભુ ની અસીમ કૃપાથી અમારા અને બીજાના માટે મંગલકારી રહી. એવું અમે લોકોના પ્રેમ અને વ્યવહારથી સમજી શક્યા. કુંડી ગામમાં બસ ન આવતી હોવાથી અમારે ચાલતા લગભગ અઢી કી. મી. જેટલું દૂર વક્તાપુરા ગામે આવવાનું હતું. તેથી અમને શ્રી છોગાભાઇ, મેઘરાજભાઇ, સોનાજી વિ. મૂકવા આવ્યા. સમય પર બસ મળી જતાં અમારી સાથે શિક્ષક શ્રી વિરમાભાઇ પણ પાલનપુર આવ્યા.

પાલનપુર આવતાં જ શ્રી રેવાશંકરભાઈને વાત કરી કે અત્યારે જ રાતના સાડા નવની રેલ્વેથી હરિદ્વાર માટે જવાનું છે. ઘરમાં સૌએ આગ્રહ કર્યો કે અત્યારે આવ્યા ને અત્યારે જ રવાના થશો? અમે કહ્યું પ્રભુની ઇચ્છા છે તેથી જવું જરૂરી છે. શ્રી રેવાશંકરભાઈની સૂચનાથી અમારા માતાસમાન ભાભી શ્રી ઉર્મિલાબેને બે હજાર રૂપિયા યાત્રાના ખર્ચ પેટે અમારા ટેબલ પર મૂક્યા. અમે ગણી જોયા. પૂરા ૨૦૦૦/– રૂ. હતા. અમે અમારી આવશ્યકતાનુસાર ૫૦૦/– રૂ. લીધા. અને બાકીના પાછા આપ્યા. શ્રી રેવાશંકરભાઈએ ઘણું કહ્યું છતાં અમે વધારાના પૈસા ના લીધા. છેવટે શ્રી રેવાશંકરભાઈએ ૧૦૦૦/– રૂ. બીજા લેવાનો અતિ આગ્રહ કર્યો. ત્યારે અમે રૂ. ૫૦૦/-- સ્વીકાર્યાં. શ્રી રેવાશંકરભાઈની નિર્વ્યાજ ઉદારતા અમારા માટે બોધરૂપ બની ગઈ. અને એ વિચાર પણ આવ્યો કે પ્રભુ જ્યારે પોતાના બાળકને સાચવતા હોય છે ત્યારે એ બાળકને સર્વ કાંઇ અનુકૂળ કરી આપે છે.

અમે અમારા વડીલ બંધુઓ શ્રી હંસરાજભાઈ અને શ્રી રેવાશંકરભાઈ વિગેરેની શુભેચ્છા લઈ રવાના થયા. સમય પર રેલ્વે અમને મળી ગઈ. અતિશય ભીડને લીધે માંડ માંડ ચઢી શક્યા. બેસવા માટે સ્થાન મળે તેની ખાસ તપાસ કર્યા વિના સૌની સાથે અમે પણ ઉભા રહ્યા. ભીડ એટલી કે ડબ્બામાં આગળ વધી શકાય તેવી હાલત નહતી. વિચાર આવ્યો કે, પ્રભુ બેસવાની અનુકૂળતા તું ધારે તો કરી શકે છે, પણ હું તો તને નહીં જ કહું કે મારા માટે જગ્યા કરી આપ. કારણ કે આ જે બીજા ઊભા છે તે પણ અમારા બંધુઓ છે. તારાં જ સંતાનો છે, આ સર્વમાં તું જ પ્રકાશી રહ્યો છે. તેથી બીજાના ભોગે હું બેસું તે માંગણી યોગ્ય ન ગણાય. આવો વિચાર



આવવાથી બીજાઓની જેમ ધક્કા મુક્કી ના કરતાં શાંતિથી મા–પ્રભુનું સ્મરણ કરતાં ઉભા રહ્યા. લગભગ સાડા નવ વાગ્યે (રાતના) પાલનપુરથી ગાડી રવાના થઈ. સમયની સાથે ગાડી પણ આગળ વધતી રહી. રાતના અગ્યાર વાગવા આવ્યા સૌ ઝોંકા ખાતા આમતેમ બેસવા લાગ્યા. કોઈ સીટો નીચે સૂતા. અમને પણ દરવાજા પાસે બેસવાનું સ્થાન મળતાં બેઠા. અમારી બાજુમાં જ બે સંન્યાસીઓ બેઠા હતા. તેઓ સાથે આધ્યાત્મિક વાતો કરવા ઇચ્છા થઈ, પણ વાત કરતાં સમજાયું કે તેઓ તો મઠોમાં સેવા આપવા અને સાધારણ વાતો જ જાણે છે. સાધના અથવા ઈશ્વર તત્ત્વની ચાહત અને શોધથી અજાણ છે. અમને થયું કે પ્રભુની કેવી અસીમ કૃપા છે કે અમને ગુરુ સ્વરૂપે જ્ઞાન, ધ્યાન, ભક્તિથી સંપન્ન અને વ્યવહારકુશળ એક આદર્શ ગુરુ આજના સમયમાં સર્વોત્તમ કહી શકાય તેવા ગુરુરૂપે શ્રી યોગેશ્વરજી મળ્યા. જેઓએ કોઈ પણ પ્રકારની વ્યક્તિગત સેવા માંગ્યા વિના સતત સમાજને આપ્યા કર્યું છે. કોઈ પણ પ્રકારની અપેક્ષા વિના સૌના હિતનાં કાર્યો જીવનની છેલ્લી ક્ષણ સુધી કર્યાં છે. જે કોઈ પૂ. શ્રીની પાસે ગયું છે તેને પોતાની યોગ્યતા પ્રમાણે અવશ્ય લાભ પહોંચ્યો છે. એવું અમે વારંવાર જોયું છે. આજે જેનાં દર્શને જઈ રહ્યા છીએ તે પ. પૂ. મા સર્વેશ્વરી પણ એજ મહાપુરુષના પગલે ચાલી રહ્યાં છે. ફરક એટલો જ છે કે પ. પૂ. યોગેશ્વરજી હિમાલયના એકાંત પ્રદેશમાં તપ્યા હતા. અને પ. પૂ. મા સર્વેશ્વરી લોકસમૂહની વચ્ચે રહી તપી રહ્યાં છે. પણ પ. પૂ. માનું જીવન પણ સતત કલ્યાણકારી ગંગાની જેમ લોકોપયોગી બનતું વહી રહ્યું છે. જ્યારે જ્યારે સાધુ સંતોને મળવાનું બને છે ત્યારે ત્યારે એ પરમેશ્વરનો ઉપકાર માન્યા વિના રહી શકાતું

નથી કે "હે પ્રભુ તમે અનંત કરુણા કરી વિરલોમાં પણ વિરલ કહી શકાય તેવા, પ. પૂ. શ્રી યોગેશ્વરજી અને મા સર્વેશ્વરીનો અલ્પ પરિચય કરાવ્યો. તે બદલ ધન્યવાદ અમારી વ્યર્થ કહેવાતી અથડામણો અને ગુરુઓના પ્રપંચોથી બચી ગયા.

અમે બીજા દિવસે સાંજે દિલ્હી પહોંચ્યા, દિલ્હીથી બસ દ્વારા રાત્રે લગભગ ત્રણ વાગે હરિદ્વાર પહોંચ્યા. પ્રાઈવેટ બસોના સ્ટેન્ડ પર સૌ યાત્રીઓ સાથે અમે પણ ઉતર્યા. વિચાર્યું કે આટલી રાત્રે આપણા એકલા માટે કોઈની (જ્યાં પૂ. મા ઉતર્યા હતાં ત્યાં) ઉંઘ ખરાબ કરવાની જરૂર નથી. આ વિચાર આવતાં જ એ સ્થળ પર પીપળાનાં એક વિશાળ વૃક્ષ નીચે જ્યાં કેટલાક બીજા લોકો પણ સૂતા હતા ત્યાં બાજુમાં અમે પણ ચાદર બિછાવી સૂઈ ગયા. ઉંઘ ન આવી. પ્રભુ શ્રી યોગેશ્વરજીનું દર્શન અને હરિદ્વાર આવવાની પ્રેરણા અને વ્હાલા મા સર્વેશ્વરીની તપઃલીલા જે આ પતીત પાવની ગંગા જેનો અનેક સંતો અને શાસ્ત્રોએ મહિમા ગાયો છે તેના કાંઠે માણવા મળશે. પ. પૂ. મા ના વર્ષોના ઉપવાસોને પરિણામે એ કૃશકાય અને તે દ્વારા વ્યક્ત થતું અકલ્પનીય સામર્થ્ય. જે યુક્તિપૂર્વક વિચારતાં પણ બુદ્ધિ કાંઈ જ આ રહસ્ય સમજી શકતાં નથી. આવા વિચારોમાં આડા પડયા રહ્યા. થોડા સમય પછી બેસીને જપ પ્રાર્થના કરતાં કરતાં સવાર થઈ ગયું. ઉઠીને પ્રથમ અમે ગંગાસ્નાન કર્યું. મા, ગંગા અને પ્રભુને પ્રાર્થના કરી કે "આપે અમને બોલાવ્યા છે તેથી જ અમે આવી શક્યા તે બદલ આપનો આભાર. એવી જ રીતે સતત આ ના–સમજ બાળકની સર્વ પ્રકારે ખબર રાખશો. અને સતત આપ મા–પ્રભુનાના પરમ પ્રેમ સાંન્નિધ્યે આધ્યાત્મિકતાના સર્વોચ્ચ શિખરો સર કરાવશો."



સવારે લગભગ સાત વાગે જ્યાં પ. પૂ. મા નિવાસ કરતાં હતાં તે "આર્ય નિવાસ"માં આવ્યા. આવતાં જ અમને વ્યવસ્થાપક શ્રી રમેશભાઈ મળ્યા. અમે, વ્હાલાં મા છે તેવું જાણીને હર્ષમાં આવી ગયા. શ્રી રમેશભાઈના જણાવ્યા પ્રમાણે પહેલા માળ પર શ્રી મંજુલાબેન ભાવસારને મળવા ગયા. શ્રી મંજુલાબેને અમને જોતાં જ સપ્રેમ કહ્યું, "આવો ખૂબ રાહ જોવડાવી! પૂ. મા ખૂબ યાદ કરતાં હતાં." અમને ખુશી થઈ કે મા અમારા જેવા સાધારણ બાળકને યાદ કરે છે. અમે પૂ. માના સ્વાસ્થ્ય અને દિનચર્યા વિશે પૂછયું તો જાણવા મળ્યું કે સ્વાસ્થ્ય ઠીક છે અને નવરાત્રીના દિવસો છે તેથી નવ દિવસનું મૌન છે, દર્શન પણ ભાગ્યે જ આપે છે. અને લગભગ ઉપવાસો તો ગંગાજળ પીને જ થઈ રહ્યા છે. અમે લોબીમાં ઉભા વાતો કરતા હતા ત્યાં જ પ. પૂ. મા સ્નાન કરીને સામેના સ્નાન ઘરમાંથી બહાર નીકળ્યાં. અમને જોતાં જ પ. પૂ. માએ પૂર્ણ પ્રસન્નતાનું સ્મિત રેલાવ્યું અને બન્ને હાથથી ચપટી વગાડતાં નાચવાની મુદ્રા કરી હાથ ઉંચો કર્યો. અમે આવ્યા તેનો આનંદ વ્યક્ત કર્યો. અમે પણ પ્રસન્ન હાસ્ય સાથે વ્હાલાં માના શ્રી ચરણોમાં પ્રણામ કર્યાં. પૂ. મા પ્રણામ સ્વીકારીને પોતાના રૂમમાં ગયા. અમે અને શ્રી મંજુલાબેન પૂ. માની પાછળ પાછળ માના રૂમમાં ગયા. પૂ. માએ હાથમાં સ્લેટ અને પાટીપેન લઈ લખ્યું ને અમને બતાવ્યું. કેમ આટલા મોડા પડયા? અમે કહ્યું બે પત્ર મળ્યા અને બંનેમાં એ નથી લખ્યું કે આપ અહીં (હરિદ્વારમાં) કેટલું રોકાવાનાં છો. વળી બંને કાગળ પણ મોડા મળ્યા હતા. શ્રી મંજુલાબેન બોલ્યાં "તમે આવ્યા નહીં એટલે માને ચિંતા થતી હતી કે તમારી (બાપજીની) તબીયત બગડી કે શું?" અમે કહ્યું "ના. આવી શકાય

તેટલી સારી તો હતી જ. અમે વાત કરતા હતા તે સમયમાં પૂ. માએ ફરી લખ્યું. તમે આવ્યા તેથી આનંદ થયો અને વિશેષ આનંદ એ કે સ્વપ્નમાં અમને (પૂ. માને) કહેવામાં આવ્યું કે બાપજી પહેલી–બીજીની (તારીખની) આસપાસ આવવાના છે અને આજે તમે બીજીની (૨–૧૦–૮૭) ની સવારે આવી ગયા. (અમે અમોને થયેલા દર્શનની વાત કરી શક્યા નહી. એનું કારણ એજ કે પ. પૂ. મા ઘણી વખત અમારા અંતરની વાતો કહી દેતાં હોય છે તેથી થયું કે પૂ. મા જાણતાં જ હશે જો કે એ વાત કરવાની જરૂર પણ ન હતી.) અમે પૂ. માના સ્વાસ્થ્ય વિષે સમાચાર પૂછયા. લગભગ ૧૫ મિનિટ સમય પસાર થઇ ગયો. હવે અમને પૂજ્ય માનો વધારે સમય લેવાનું ઠીક ન લાગ્યું. પ્રણામ કરી રજા લીધી. પૂ. માએ સ્મિત સ્નેહ ભર્યું કર્યું અને અમે રૂમમાંથી બાહર આવ્યા.

અમને પૂ. માનો સ્નેહ સ્પર્શી ગયો. વિચાર આવ્યો કે આ મા દેશ પરદેશમાં સતત યાત્રાઓ કરતાં રહે છે. પોતાની રીતે સૌને ઉપયોગી બનતાં રહે છે. આધ્યાત્મિકતા અને માનવતાનાં મૂલ્યો શીખવતાં રહે છે. આ માની સેવામાં શ્રીમંતો પણ હોય અને મારા જેવા પદ, પ્રતિષ્ઠાવિહીન અને આર્થિક રીતે નબળા પણ હોય. છતાં વ્હાલની વર્ષા તો સૌનાય પર વરસાવતાં રહે છે. જેવી જેવી એ વર્ષા ઝીલવાની તૈયારી. આ માને જોતાં વિચારતાં, માણતાં એમ જ થઇ આવે છે કે સૃષ્ટિની સર્જક અને પોષક જે પરમ ભગવતી છે તે પણ આ મા જેવી જ હશે. આ મા સૃષ્ટિના સર્વ જીવો પ્રત્યે કરુણા, પ્રેમ વહેવડાવતાં વારંવાર જોવા મળે. પોતાનાથી વિચાર ભેદે કે અન્ય રીતે વિરોધીનું પણ અકલ્યાણ ન થાય તેની ચિંતા કરતાં હોય છે. પ્રભુને રડીને પ્રાર્થના કરતાં હોય છે. આવું અમે અમારી નજરે ઘણી



વખત જોયું છે. કેટલીક વખત બાળકોના દોષો દૂર કરવા પૂ. માને કડક શબ્દો બોલતાં પણ સાંભળ્યાં છે. ત્યારે કેટલાક લોકો ઉતાવળીયા સ્વભાવને લીધે પૂ. માના આ વ્યવહારને સમજ્યા વિના જ અભિપ્રાયો આપતા હોય છે. અને પોતે માને છે તેમ જ પૂ. માને વર્તવું જોઇએ એવી ભ્રાંતગ્રંથી બાંધી લે છે. એવા લોકો એ ભૂલી જાય છે કે પૂ. મા એક સંત છે. સ્વતંત્ર છે. એ કોઇને ગમે એ માટે જીવતાં નથી. એઓ તો પોતાની રીતે બીજાને જીવન ઘડતરના પાઠ ભણાવતાં હોય છે. એ પાઠ ભણવા આવનાર જો બેદરકાર રહે, વિવેક ચૂકે તો પૂ. મા સિવાય એ ભૂલો કોણ કહેશે? છતાં આવા પ્રસંગે પોતાનો વિરોધ કરનારાઓની સાથે પણ પૂ. મા એ લોકોનું કલ્યાણ ઝંખતાં હોય છે. પ. પૂ. મા સર્વેશ્વરીના જીવનને સમગ્ર પ્રકારે અવલોકતાં એ સ્પષ્ટ સમજાઇ જાય છે કે પરમેશ્વરી મા ભગવતી કેવાં હોઇ શકે છે. અથવા એમ કહી શકાય કે પ. પૂ. મા સર્વેશ્વરીના રૂપમાં પરમેશ્વરી મા ભગવતી પોતે જ વિહરી રહ્યાં છે. એવો ભાવ થયા વિના રહેતો નથી, કારણ કેટલાક વર્ષોથી આ લીલા જોઇ રહ્યા છીએ. પરમ સુખ ધરનારી અગમ્ય લીલા.

કેટલાક લોકો આવા અલૌકિક દર્શનોને ભ્રમણા અથવા પોતાના મનની કલ્પના ગણે છે. પણ આ જે દર્શન પ. પૂ. મા સર્વેશ્વરીને તથા અમને થયું તે વિચારતાં સમજાય છે કે તે ભ્રમણા અથવા અમારાં મનની કલ્પના ન હતી. તે આવશ્યક સંદેશાઓ હતા. અને તે પણ ચોક્કસ યોજનાબદ્ધ હતા. પ્રથમ પૂ. માને સ્વપ્ન આવે છે અને એના ચારેક દિવસ પછી અમને દર્શન અને પ્રેરણા થાય છે. જે આ દર્શન પહેલાં બુદ્ધિના ગણીતો હતાં તે આ દર્શન પ્રેરણા પછી ગૌણ બની જાય છે. તેથી ભ્રમણા અથવા અમારી કલ્પના ન હતી.

હા, જો કોઇ આ સૃષ્ટિના સમગ્ર દર્શનને કલ્પના ગણતા હોય તો અવશ્ય આ કલ્પના કહી શકો. પણ જો આ જગત સત્ય માનતા હો તો આ જગત કરતાં આ દર્શન વધુ નક્કર અને વધારે અસરકારક હોય છે, કારણ કે જગતના વ્યવહારમાં, દર્શનમાં સમગ્રપણે અંતઃકરણને જોડતા નથી તેથી સંપૂર્ણપણે ગ્રાહ્ય કરી શકતા નથી. તો જો આ દર્શનને કોઇ વાસ્તવિક દર્શનમાં સ્વીકારે તો જે દર્શન સમયે સમગ્ર અંતઃકરણ, વૃત્તિઓ એ દૃશ્ય સરજાતાં જ એના પ્રભાવમાં આવી જાય છે અને શાંત બની જાય છે. કહો કે દૃષ્ટા સર્વ શક્તિઓ (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર) સહિત એ દિવ્ય દર્શનમાં આકર્ષાઇ જાય છે, કેન્દ્રિત થઇ જાય છે. તેથી એ દર્શન વધુ નક્કર છે. આ સ્થૂળ દેખાતા જગત કરતાં, કારણકે કેન્દ્રિત થયેલી શક્તિઓને અન્ય વિષયો માટે અવકાશ નથી. તેથી એ દર્શન સર્વશક્તિઓ દ્વારા થયેલું છે.

આજના કહેવાતા બુદ્ધિવાદી, સુધરેલા લોકો બધો નિર્ણય બુદ્ધિના આધારે જ લેતા હોય છે. પણ એ લોકો ભૂલી જાય છે કે બુદ્ધિ તો માત્ર આ ક્ષણની પહેલાના અનુભવોની સ્મૃતિના આધારે જ અનુમતિ નિર્ણય લે છે અને તે એ બુદ્ધિને થયા ન હોય એવા અનુભવોનું અનુમાન સાચું ક્યાંથી કરી શકે? વળી દિવ્ય દર્શનો અલૌકિક રીતે પ્રાપ્ત થતા સંદેશાઓ માનવના સ્થૂળતામાં રાચતા ચંચળ ક્ષુદ્ર મનનું સર્જન નથી લાગતું. જો તેમ હોત તો સૌ આ અનુભવોને માણી શકતા હોત. જીવનમાં શાંતિ અને દિવ્યતા પ્રકટાવી શક્યા હોત. પણ એવું નથી. તેથી એવું સ્વીકારવું પડે છે કે માનવ મન જેમ જેમ વિકાસ કરતું સ્થૂળતામાંથી ક્રમશઃ સૂક્ષ્મ બનતું જાય છે તેમ તેમ તે આ સૂક્ષ્મસ્તરના અનુભવો કરતું જાય છે. તેથી



સ્થૂળ જગતને દર્શાવનારું જે મન છે તેજ મન સૂક્ષ્મસ્તરને ગ્રાહ્ય કરવા લાયક બનતાં એ સૂક્ષ્મ અલૌકિક દર્શન એ મનમાં ઉતરી આવે છે. તેથી મનરૂપી માધ્યમને સુધારવાની જરૂર છે. માત્ર બુદ્ધિના તર્કો, આમ થવું જોઇએ અને તેમ ન થવું જોઇએ એ વાતો સમય અને શક્તિનો વ્યર્થ વ્યય છે. એનું ફળ છે પોતાની જાતને આ પ્રકૃતિ સતત વિકસતા જતા પ્રવાહમાં જીવાત્માને એક જ સ્થળમાં બાંધી દેવાનો અને જે બંધાયેલા છે તેને સુખ, શાંતિ ના હોય. તો જે શાશ્વત સુખ, શાંતિ ચાહતા હોય તેમણે પોતાના મનનો વિકાસ સાધવો રહ્યો. તો જ આગળ વધાય.

(ક્રમશઃ)


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

" સ્વર્ગારોહણ "

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯

(ઉ.ગુ.) ૩૮૫૧૧૦

# ગુરુપૂર્ણિમા–પૂ. 'મા'ના સાન્નિધ્યમાં

**તા. ૭–૭–'૯૦ શનિવાર, ન્યુજર્સી–ગુરુપૂર્ણિમા, અમેરિકા.**

ગુરુપૂર્ણિમા એ આધ્યાત્મિક જીવનના પ્રવાસીઓ માટે પ્રેરણાનું પિયૂષ પાનાર પરબસમું પવિત્ર પર્વ છે, જે માનવીના જીવનમાં શ્રદ્ધા અને ગુરુભક્તિનો સંસાર કરાવે છે.

પૂર્વજન્મના સંસ્કાર, માનવીની આધ્યાત્મિક ભૂમિકા અને દરેકની પોતાની રુચિ પ્રમાણે સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય છે. જન્મોજન્મનાં ભાગ્ય જાગે, પરમકૃપાળુ પરમાત્માની સંપૂર્ણ કૃપા પ્રાપ્ત થાય એવા અલ્પ આત્માઓને જ આ કળીયુગમાં સાચા, સમર્થ, પરમહિતકારી, પરમ કલ્યાણકારી સદ્‌ગુરુ પ્રાપ્ત થાય છે. વિદેશની ધરતી ઉપર વિચરતા અમારા જેવા અલ્પઆત્માઓને પૂ. 'મા'ના પાવન સાન્નિધ્યમાં તા. ૭–૭–'૯૦ ને શનિવારના રોજ ગુરુપૂર્ણિમાનું પવિત્ર પર્વ ઉજવવાનું સદ્‌ભાગ્ય, શ્રી વિનોદભાઈ પટેલના ન્યુયોર્કના નિવાસસ્થાનમાં પ્રાપ્ત થયું. જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગના ત્રિવેણીસંગમ જેવા પવિત્ર, ગંગાનાજળ સમા પાવન અને ગુરુભક્તિમાં અજોડ, અતિવિરલ અને અનન્ય શ્રદ્ધા ધરાવતાં પૂ. 'મા'ને પ્રત્યક્ષ નિહાળવાનો લ્હાવો મળ્યો અને એ દૈવી આત્માના સાન્નિધ્યમાં અમે સહુ મન અને અંતરની પવિત્ર ભૂમિકાથી જોડાયા.

પૂ. યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, ટોરોન્ટોના સાધકો ટોરોન્ટોથી દસ કલાકનું (Oneway) ડ્રાઈવીંગ કરીને તથા નોર્થ અમેરિકાના બીજા ભક્તો પણ તેમાં જોડાયા. સોનામાં સુગંધ મળે તેમ પૂ. શ્રીની



પાદુકા પૂ. 'મા'ના આદેશપ્રમાણે ટોરોન્ટોથી પૂજન માટે મંગાવવામાં આવી અને પૂ. શ્રીના સહાધ્યાયી શ્રી જમીયતરામ શુક્લની ઉપસ્થિતિમાં તેમના દ્વારાજ પૂ. શ્રીની પાદુકાનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરવામાં આવ્યું. પૂજનમાં શ્રી વિનોદભાઈની ત્રણ પુત્રીઓ મનસા–ભારવી અને પ્રેરણા હાજર હતાં. વાતાવરણમાં વિશેષ ધ્યાન ખેંચતું હતું કલાત્મક મંદિર અને તેમાં તદ્દન જીવંત લાગી બિરાજતી પૂ. શ્રી અને પૂ. માની તસ્વીરોઃ–જાણે કે લક્ષ્મી અને નારાયણ, સીતા અને રામ, શિવ અને શક્તિની જોડ ના હોય!! પૂ. 'મા' વ્યાસપીઠ ઉપર ખૂબ જ સ્વસ્થ, પ્રસન્ન અને અનુપમ વાત્સલ્ય-ભાવથી બિરાજ્યાં હતાં. વાતાવરણ ખૂબ જ ચેતનવંતુ બનતું જતું હતું. સ્થળ અને સમય વિસરાતાં જતાં હતાં અને મન અનેરા આનંદ અને શાંતિનો અનુભવ કરતું હતું. પૂ. માની હાજરીથી પવિત્ર પરમાણુઓ અંતરમાં અનેરાં સ્પંદનો ઉત્પન્ન કરતાં હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં ભજનો અને ધૂનો ગવાતાં હતાં, પૂ. શ્રીની પાદુકા–પૂજન બાદ, પૂ. શ્રીનો ટેપ ઉપરનો ગુરુપૂર્ણિમાને અનુરૂપ વાર્તાલાપ સાંભળવાનું સદ્‌ભાગ્ય સૌને પ્રાપ્ત થયું. પૂ. શ્રી ભારપૂર્વક અને આગ્રહપૂર્વક જણાવે છે કે "ગુરુ એટલે ભારેખમ નહીં, ગુરુ એટલે હલકા, નમ્ર, અંધકારમાંથી પ્રકાશમાં લઈ જનારા, કેવળ ગુરુનું પૂજનમાત્ર કરીને આજના દિવસે આનંદ અને સંતોષ માનવાનો નથી, પરંતુ જીવન પ્રભુપરાયણ, ભક્તિભાવથી સભર કરવા માટે આત્મોન્નતિના માર્ગે મક્કમ પગલાં ભરવાનો દૃઢ નિર્ધાર આજથી કરવાનો સંદેશ દરેક આત્મકલ્યાણ ઈચ્છના સાધકે કરવાનો છે, જીવન ખૂબ જ ટૂંકું છે અને કરવાનું કામ ઘણું છે. માટે સમયનો વિલંબ કર્યા વગર આજથી જ માનવજીવનના ધ્યેય (પ્રભુપ્રાપ્તિ)

માટે સાચા મનથી લાગી જવું જોઈએ, સદગ્રંથો વાંચવા જોઈએ, આત્મનિરીક્ષણ કરવું પડશે. આપણામાં રહેલા દોષો અને ત્રુટિઓને શોધવા પડશે અને તેનું નિરાકરણ કરવું પડશે. આપણું જીવન દૈવી સંપત્તિથી ભરવું પડશે. આપણે સદ્‌ગુણી, સદાચારી, નિષ્કપટ, નિરાહંકારી, બનવું પડશે. જે શાંતિને આપણે જીવન સહચારિણી બનાવવા ઝંખીએ છીએ, મથીએ છીએ તે આપણને પ્રાપ્ત ત્યારે જ થઈ શકે, જ્યારે મન, અંતર નિર્મળ બને નિર્વિકારી બને. માટે આજનો દિવસ શુભસંકલ્પો કરવાનો છે. આત્મન્નતિના માર્ગે નવી ક્ષિતીજો ખોલી આગેકૂચ કરવાનો છે. સદ્‌ગુરુ આપણને સાંપડયા હોય તો તેનાથી વિશેષ સદ્‌ભાગ્ય બીજું શું હોઈ શકે! આપણે તેમના પણ શુભાશિર્વાદ મેળવીએ, પરમાત્માની પ્રાર્થનાનો આધાર લઈએ અને જીવનને વધારે ને વધારે શક્તિશાળી શાંતિમય, સુસંવાદિત, બનાવી શકીએ. આપણા જીવનને સુખમય કરી શકીએ અને જીવનમાં નવાં સીમાચિહ્નો સર કરી શકીએ, તો આજનું પર્વ સફળ બની શકે. આશીર્વચન આપતાં પૂજ્ય શ્રી અંતમાં જણાવે છે કે જીવનને બને તેટલું સત્ત્વશીલ, સદ્‌ગુણી, સદાચારી, સદ્‌વિચારથી સંપન્ન, સત્કર્મપરાયણ અને પરમાત્મપરાયણ કરવાની કોશિશ આપણે કરીશું તો જીવનમાં જે શાંતિનો અભાવ આપણે અનુ-ભવીએ છીએ, જે સ્થિરતા અને સંવાદિતા આપણને ખૂટતી દેખાય છે, તેની પરિપૂર્તિ સહેલાઈથી આપણે કરી શકીશું. પરમાત્માના આશીર્વાદ આપણા સૌના ઉપર ઉતરે તેવી આશા રાખું છું."

પૂજ્યશ્રીની દૈવી અમૃતવાણીનું શ્રવણ, પૂ. માનું સાન્નિધ્ય અને પૂ. શ્રીની પાદુકાનું પૂજન, નિહાળી સૌ સાધકોને પ્રતીતિ થઈ કે પ્રયાગરાજ અને ત્રિવેણીસંગમ અહીંજ સર્જાયાં છે—મન



અલૌકિક ભાવોથી ઉભરાય છે અને આત્મા અવર્ણનીય આનંદનો અનુભવ કરે છે.

ત્યારપછીથી જે સાધકોને પૂ. મા–પ્રભુને ગુરુ તરીકે સ્વીકાર્યા પછીથી પોતાના આધ્યાત્મિક જીવનમાં જે વેગ મળ્યો છે, જે શાંતિ પ્રાપ્તિ થઈ છે અને શ્રદ્ધા અવિચળ બની છે તેમનો વાર્તાલાપ થાય છે.—વાર્તાલાપ ખૂબ જ મનનીય અને આત્મકલ્યાણના લાભાર્થે થયો તેવું સૌને સમજાયું. પછી ગુરુપૂર્ણિમાના પર્વે ભારતમાંથી આવેલા પત્રો અને સંદેશાઓનું વાંચન થાય છે જેમાં મુખ્યત્વે શ્રી નારાયણભાઈ જાની, શ્રી હરિભાઈ ભોજાણી, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, અને શ્રી મધુસૂદનભાઈ ભટ્ટનો સમાવેશ થાય છે.

શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર ટોરેન્ટો–કેનેડા તરફથી ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વે જે ભાવો રજૂ થયા તેનો નિચોડ રજૂ કરું તો તે અસ્થાને નહીં ગણાય.

"ગુરુની કૃપા શું ના કરે? સર્વપ્રકારનું સાંસારિક સુખ અને ઐશ્વર્ય તો ધરે જ. પરંતુ એનાથી આગળ વધીને માનવને અસત્યમાંથી પરમસત્ય પાસે પહોંચાડે, અવિદ્યારૂપી અંધકારમાંથી મુક્તિ આપીને પ્રજ્ઞાના પવિત્રતમ પ્રદેશમાં પ્રવેશ કરાવીને પ્રજ્ઞા-સ્વરૂપ પરમાત્માનો પરિચય કરાવે, અને મૃત્યુના પાશને તોડી નાખીને અમૃતમય બનાવે, નરમાંથી નારાયણ કરે. ગુરુકૃપાના કલ્યાણકારક કલ્પવૃક્ષનો જેને પણ લાભ મળે તે સર્વપ્રકારે, સર્વસ્થળે કૃતાર્થ બને. એને લાલસા કે વાસના રહેજ નહીં. એ છેવટે સંપૂર્ણપણે નિર્મળ, નિર્વાસનિક બની જાય.

ગુરુની એવી અસાધારણ, અમોઘ કૃપાને પામવા માટે શિષ્યમાં અસામાન્ય, અતૂટ શ્રદ્ધાભક્તિ જોઈએ. ગુરુને માટે સંપૂર્ણ

સમર્પણભાવ અને એનાથી પ્રેરાઈને ગુરુના આદેશને અનુસરવાની તૈયારી જોઈએ. ગુરુ જે કહે છે કે કરે છે તે મંગલને માટે જ કરે છે અને કહે છે તેવો દૃઢ, અચળ વિશ્વાસ જોઈએ. સાનુકૂળ સંજોગોમાં તો એવો વિશ્વાસ ટકે અથવા અકબંધ રહે પરંતુ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ વિશ્વાસ હાલે કે ડગે નહીં ત્યારે આશ્ચર્યકારક ઠરે ને કલ્યાણ કરે. એમાં કોઈ પ્રશ્ન ના હોય, શંકા ના હોય, ફરિયાદ ના હોય. પોતાનું મોટામાં મોટું બલિદાન આપવું પડે તો પણ તેને માટેની સહર્ષ તૈયારી કે તત્પરતા હોય. પોતે કોઈ નાનું કે મોટું બલિદાન આપે છે તેવી લાગણી જ ના હોય. એવો શિષ્ય ગુરુકૃપા પામી શકે.

ગુરુપ્રત્યેની એવી અચળ, અખૂટ, શ્રદ્ધાભક્તિ અતિશય વિરલ હોય છે. તેનો પાવન પ્રકાશ કોઈક સુપાત્રના જીવનમાં પ્રગટી શકે છે. પૂ. 'મા' એવાં અનન્ય ભક્ત છે કે જેમણે એકનિષ્ઠ ગુરુભક્તિથી પ્રભુશ્રી યોગેશ્વરજીની કૃપા મેળવી છે. પોતાના પ્રાણનું બલિદાન આપવા કટિબદ્ધ બન્યાં છે અને સંસારમાં સાબિત કરી બતાવ્યું છે કે ગુરુકૃપાથી સર્વ કાંઈ પ્રાપ્ત કરી શકાય છે. જીવનના પરમધ્યેય સમીપ પહોંચી શકાય છે અને જીવનબાગને મઘમઘતો, ફોરમવંતો અને રળિયામણો બનાવી શકાય છે."

પૂજ્ય શ્રી સાથે અભ્યાસ કરતા, શ્રી જમિયતરામભાઈ શુક્લે પૂજ્યશ્રીની પાદુકાનું પૂજન કરાવ્યું તેમના ઉદ્દગારો હવે આપણે સાંભળીએ. તેઓ જણાવે છે કે–

ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વે મહાત્મા યોગેશ્વરજીની ચરણ-પાદુકાનું દર્શન અને પૂજન કરવાનો મને લાભ મળ્યો, આપનાં (પૂ. માનાં) દર્શન કરી શક્યો અનેક સત્સંગી અધ્યાત્મમાર્ગના પ્રવાસી



ભાઈબહેનોના સત્સંગનો પણ મને લાભ મળ્યો–ગુરુપૂર્ણિમાના દિવસે મેં દિવ્ય વાતાવરણનો અનુભવ કર્યો. આખું વાતાવરણ ભક્તિ અને શ્રદ્ધાથી છલોછલ ઉભરાતું હતું–પરમપૂજ્ય મહાત્મા યોગેશ્વરજીનો ગુરુપૂર્ણિમાના દિવસનો ઉપદેશ તેમના સ્વમુખેથી સાંભળવાનો અદ્દભુત પ્રસંગ સાંપડ્યો, એમનો અવાજ સાંભ-ળતાની સાથે શરીરમાંથી એક પ્રકારની પવિત્ર ઝણઝણાટી પસાર થઈ ગઈ, રોમાંચ થયો. દિવ્ય અનુભૂતિ થઈ, હું ધન્ય બની ગયો. પરમ પૂજ્ય મહાત્મા યોગેશ્વરજીનું પ્રત્યક્ષ સાન્નિધ્ય અનુભવ્યું. પૂ. શ્રી સૂક્ષ્મરીતે તો આપણી સાથે છે જ, પરંતુ સ્થૂળરીતે પણ આપણી સાથે જ છે એવો ભાવ જાગ્યો. પૂ. શ્રીનો પૂર્ણ કદનો ફોટો બીલકુલ જીવંત લાગતો હતો. જ્યારે હું મારા અનુભવો પૂ. શ્રી સાથેના વર્ણવતો હતો ત્યારે જાણે કહેતા હોય કે "શુક્લ બરાબર છે, ખરૂં છે, કહો કહો બોલો, બોલો... ભક્તજનોને સંભળાવો"–એમ અનુ-મોદન આપતા હોય તેમ આશીર્વાદરૂપે એક ફૂલ મારા માથા ઉપર પડ્યું. મને અદ્દભુત શાંતિ મળી. આ પ્રસંગ જ બતાવે છે કે પૂ. શ્રી સ્થૂળ રીતે ભલે આપણી સાથે ના હોય પણ સૂક્ષ્મરીતે આપણી પ્રવૃત્તિઓ નિહાળે છે, માર્ગદર્શન તથા આશીર્વાદ આપે છે–આપ મહાત્મા યોગેશ્વરજીના કાર્યને સંપૂર્ણ દક્ષતાથી સંભાળી રહ્યાં છો એ જોઈને અમને અનહદ આનંદ થાય છે. આપના દર્શનથી અમે કૃતાર્થ થયા છીએ, કૃતકૃત્ય બન્યા છીએ.... !

હવે પૂ. 'મા' વ્યાસપીઠ ઉપર જે મુગ્ધભાવે બિરાજેલાં છે તેઓ દિવ્યવાણી વહાવે છે.

ગુરુને મનથી નમન કરે છે, વાણીમાં પ્રથમ ઉચ્ચારણ પોતાના સદ્દગુરુનું કરે છે.

પાવન પૂર્ણિમાના પર્વે આજે,
સદ્‌ગુરુ ચરણે નમીએ અમે,
ગુરુ ગોપાલ શ્રી યોગેશ્વરને,
શ્રદ્ધાભક્તિથી નમીએ અમે.

સેવા સમર્પણ શ્રદ્ધા વધારજો,
આઠે પ્રહર આશિષ ધરજો,
અજ્ઞાન, તિમિર દૂર કરીને,
જ્ઞાન પ્રકાશ રેલાવજો તમે.

મસ્તક અમારૂં ચરણે નમાવજો,
સર્વપ્રકારે સૌને શણગારજો,
સર્વ સમર્પણ સદ્‌ગુરુ ચરણે,
સર્વેશ્વરીનું કરાવજો તમે.

સાધક જનના નમસ્કાર સ્વીકારજો,
સૌનાં જીવન પ્રભુ સંભાળજો,
સર્વપ્રકારે સૌને શણગારજો,
સૌના જીવન પ્રભુ સંભાળજો.

સર્વેશ્વરીની પ્રાર્થના એટલી,
જન્મોજન્મ સાથ ધરજો હરિ.

પૂ. મા જણાવે છે કે સદ્‌ગુરુના ચરણોમાં શ્રદ્ધાભક્તિથી નમન કરવાનાં. પૂ. મા ગુરુભક્તિ ઉપર ખૂબ મનનીય પ્રવચન આપે છે. જીવનમાં ભક્તિનો દીપ બૂઝાઈ ન જાય માટે શ્રદ્ધારૂપી ઘી વિવેકથી પૂરવું પડે છે—જેથી જીવનમાં ભક્તિનો દીપ પ્રકાશ રેલાવી પ્રભુ પંથે પ્રયાણ કરતા પથિકને પ્રેરણાનાં પિયૂષ પૂરાં પાડે છે. શ્રદ્ધા એ આધ્યાત્મિક જીવનમાં પ્રાણ સમાન છે. ગમે તેવા સંજોગોમાં શ્રદ્ધા



અતૂટ, અચળ અને અનુપમ રહેવી જોઈએ. પૂ. મા ભારપૂર્વક જણાવે છે કે આપણા રોજીંદા જીવનમાં આપણને સતત સ્મરણ રહેવું જોઈએ કે—

"હું હરિનો, હરિ છે મમ રક્ષક,
એહ ભરોસો જાય નહીં,
જે હરિ કરશે તે મમ હિતનું,
એ વિશ્વાસ ત્યજાય નહીં..."

તિબેટના મહાનયોગી મિલારેમાનું શિષ્ય જીવનકાળનું દૃષ્ટાંત આપી પૂ. મા જણાવે છે કે સત્યનો પ્રકાશ પામવા જ્યારે તેઓ સાચા સદ્‌ગુરુની શોધમાં નીકળ્યા ત્યારે ગુરુએ તેમની આકરી કસોટી કરી, તેમની શ્રદ્ધાની કપરી કસોટી કરી, અને જ્યારે ગુરુને લાગ્યું કે આ શિષ્ય ખરેખર પોતાના પ્રાણની બાજી લગાવીને પણ ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી, સંપૂર્ણપણે સહર્ષ પાલન કરે છે અને ગુરુની આજ્ઞાને શિરોમાન્યગણે છે, ત્યારે અંતે ગુરુ પ્રસન્ન થઈ કૃપા વરસાવે છે—જ્ઞાન આપે છે.

પૂ. મા જણાવે છે આપણા સૌને ગુરુની આજ્ઞા અને ગુરુના આદેશ ઝીલવા ગમતા નથી. પરિણામે ગુરુની સંપૂર્ણકૃપા આપણે પામી શકતા નથી. સારી વસ્તુઓ જીવનમાં અપનાવવી, કાળજી, ખંત અને નિષ્ઠાપૂર્વક તેનું આચરણ કરવું એ આપણા સૌના માટે અશક્ય બની ગયું છે. પરિણામે ગુરુભક્તિનું ધાર્યું ફળ આપણને મળતું નથી. પોતાના જીવનનો દાખલો આપી પૂ. મા જણાવે છે કે છ વર્ષથી પણ વધુ સમયથી અન્નવિના આ જીવન કોણ ચલાવે છે? કોણ શક્તિ આપે છે? કોણ તેના શ્વાસોશ્વાસની જવાબદારી લે છે? પૂ. મા દૃઢતાથી જણાવે છે ફક્ત પૂ. શ્રીની શક્તિ જ આ બધું કરે છે.

પૂ. શ્રીએ અમારા જીવનને ખોળે લીધું છે. તેની કૃપાથી જ આ જીવન ચાલે છે. પૂ. શ્રીને પૂ. માએ માવડી, સખી, ગુરુ, પૂ. મા જગદંબાની પ્રત્યક્ષ શક્તિ તરીકે અનુભવ્યા છે, પરિણામે જીવનમાં સદાકાળ આનંદ છે. પ્રભુના પ્રેમની અવિરત મસ્તી છે—ધન્યતા છે—દિવ્યતા છે. પૂ. મા નમ્રતાપૂર્વક જણાવે છે કે અમે જે કાંઇ છીએ તે ગુરુની કૃપા છે અને ગુરુની પ્રસાદી છે. અમારામાં જે શક્તિ છે તે પ્રભુની છે. અમે તો કેવળ માધ્યમ છીએ. જે તપાવે છે તેજ તૃપ્ત કરે છે. જે સાધ્ય છે તેજ સાધન કરાવે છે અને જેને જીવન સમર્પણ કર્યું છે, તેજ તેની અહર્નિશ સંભાળ રાખે છે. શ્વાસે શ્વાસે અને રોમરોમમાં તેની હયાતિ અમને જણાય છે, અનુભવાય છે.

અંતમાં પૂ. શ્રીની પાદુકાઓનું વ્યક્તિગત પૂજન થાય છે. આરતી, પ્રસાદ લઇ સૌ છૂટા પડે છે.—બ્રહ્મભોજન સૌને મળે છે.

**"પ્રભુથી અભિન્ન સદ્‌ગુરુ અનાથોના નાથ, દુઃખપૂર્ણ ભવમાર્ગના પ્રવાસીઓના સમર્થ ને દયાળુ સાર્થવાહ, ભવસાગરને પાર જવાની ઇચ્છાવાળાની સુદૃઢ નૌકા, મર્યાદાનું ઉલ્લંઘન કરવા ઇચ્છનારાના સેતુ, દીપાર્થીના દીપ, શય્યાર્થીની શય્યા, દાસાર્થીના દાસ, સર્વ પ્રાણીઓના ચિંતામણિ, ભદ્રવટ, સિદ્ધવિદ્યા, મહૌષધિ, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. હે જીવ! એવા પ્રભુથી અભિન્ન સદ્‌ગુરુનુંજ તું શુદ્ધભાવે અનન્યશરણ ગ્રહણ કર, ને પરમ સુખી થા."**



# સદ્‌ભાવભરી સહાય

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના ભક્તોના જીવનમાં અધ્યાત્મ એવું ઓતઃપ્રોત થઇ ગયું છે કે તેઓ જીવનના હર સારા—માઠા યાદગાર પ્રસંગોએ સહાયનો હાથ લંબાવતા રહે છે. આ બધા ભાઇબહેનોની ભાવના ખરે જ અદ્‌ભુત છે. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ—

રૂ.

૫૧ શ્રી પન્નાબેન દીનેશભાઇ શાહ, વડોદરા—માતાજીની પુણ્ય સ્મૃતિમાં.

૧૧૧ શ્રી જસવંતલાલ પરીખ, ડાકોર.

૫૧ શ્રી જાગુબેન ખુશાલભાઇ લાડ, અમલસાડ.

૩૧૦ શ્રી લલ્લુભાઇ પી. મિસ્ત્રી, એશટોન યુ. કે.

૧૦૧ મે. હિમ્મત એન્ટરપ્રાઇઝ, બિકાનેર—નવી જગામાં પ્રસ્થાન કરતાં.

૧૧ શ્રી રમણિકભાઇ ઠક્કર, ભાવનગર—જન્મદિન નિમિત્તે.

૧૧ શ્રી વિક્રમભાઇ ઠક્કર, ભાવનગર—જન્મદિન નિમિત્તે.

૨૭૨ શ્રી જીતેન્દ્ર પી. મિસ્ત્રી, કડીપાણી—પગારપંચમાં થયેલ માસિક વધારા નિમિત્તે.

૩૯ પુત્ર સમીરના જન્મદિન નિમિત્તે શ્રી જીતેન્દ્રભાઇ તરફથી.

૨૫ શ્રી અનિલભાઇ વેલજીભાઇ પુરોહિત, પાલનપુર.

૫૦ શ્રી ભુરાભાઇ રામનાજી પુરોહિત, પાલનપુર—સામુહિક ગીતા પારાયણ નિમિત્તે.

૨૫ શ્રી રામનાજી ખુમાજી પુરોહિત, પાલનપુર.

૧૦૧ શ્રી ધીરજલાલ જી. મોઘરિયા, ધાંગધ્રા.

૫૧ શ્રી મંજુલાબેન પરમાર, જેતપુર. (મચ્છુ).

૨૫ શ્રી વિમળાબેન ઉપાધ્યાય, ભાવનગર.

૫૧ શ્રી પ્રભુભાઇ છીતાભાઇ ભક્ત, કપૂરા—તરફથી સ્વ. સોનાબેન પ્રભુભાઇના સ્મરણાર્થે.

૧૫૧ શ્રીમતી સુશીલાબેન નવનીતલાલ ભક્ત, કપૂરા.

૫૦ શ્રી રામભાઇ પી. પટેલ, સેલ્વાસા—તેમના બનેવી શ્રી ભાણાભાઇની તબીયત સુધરતાં.

૩૧ શ્રી સુરેશચંદ્ર પી. મિસ્ત્રી, વડોદરા.

૫૦ શ્રી ચંદ્રવિદ્યાબેન પી. મિસ્ત્રી, છોટા ઉદેપુર.

૧૦૧ શ્રી કંચનભાઇ મગનભાઇ પટેલ, શીપની સફર સુખરૂપ પૂરી થતાં.

૬૨ શ્રી સુરત ધ્યાનકેન્દ્રનાં સાધક ભાઇબહેનો તરફથી કપૂરાની મુલાકાત વખતે ભેટ.

૧૦૧ શ્રી બી. જે. જાગાણી, ભાવનગર—તરફથી ચિ. કૃતિના પ્રથમ જન્મદિન નિમિત્તે.

૧૦૧ શ્રી પ્રીતમભાઇ નવીનચંદ્ર પારેખ, ભાવનગર—તરફથી એમના સ્વ. પિતાશ્રી નવીનચંદ્રના જન્મદિન (આસો સુદ ૨) ના ઉપલક્ષ્યમાં.



૫૧ શ્રી સુખલાલભાઇ રણછોડભાઇ પૂજારા.

૫૧ પુત્રી મનીષાને પુત્ર થતાં ને તેની પધરામણી નિમિત્તે.

૫૧ શ્રી જયંતીલાલ મહાદેવભાઇ ઉઘેરિયા, મોરબી—ધંધામાં ઉન્નતિ થતાં.

૧૧ શ્રી હીરાબેન મગનલાલ સરવૈયા, ભાવનગર.

૧૧ શ્રી કોકિલાબેન બાબુલાલ, ભાવનગર.

૧૦ શ્રી ધીરજલાલ ના. શાહ, મુંબઇ.

૧૦૧ શ્રીમતી ભાનુબેન એમ. જોષી, પોરબંદર.

૨૧ શ્રી ગિરીશભાઇ બી. અગ્નિહોત્રી, સુરત.

૧૦૧ શ્રી છગનભાઇ ટી. સોરઠિયા, સુરત.

૫૦૧ શ્રી હંસરાજભાઇ કરસનભાઇ જાદવાણી, મોરબી.

૧૦૧ શ્રી વિનોદાબેન પી. ત્રિવેદી, અમદાવાદ—નોકરીમાંથી નિવૃત્ત થતાં.

## * નૂતન વર્ષાભિનંદન *

સંવત ૨૦૪૬ નું વર્ષ પૂરૂં થયું. તે પ્રસંગે દિવાળીની શુભ કામનાઓ તેમ જ ૨૦૪૭ ના નવા વર્ષના અધ્યાત્મના ગ્રાહકો, વાંચકો ને શુભેચ્છકોને નૂતન વર્ષાભિનંદન.

સર્વને સર્વ પ્રકારે સુખ, શાન્તિ હો એજ મંગલ કામના.

– તંત્રી

### શ્રી દિનેશભાઇ પટેલ

લેસ્ટરના શ્રી દિનેશભાઇ પટેલ દર વર્ષે અધ્યાત્મને વાર્ષિક લવાજમ ઉપરાંત સારી એવી રકમ ભેટ મોકલતા રહે છે આ વર્ષે પણ તેઓએ લગભગ રૂા. ૭૦૦/– જેવી રકમ ભેટ મોકલી છે, તે બદલ અભિનંદન.

* * *

### શ્રીમતી લાભુબેન કનેરિયા

મે. કનેરિયા એન્જી. વર્કર્સ(રાજકોટ)ના માલિક શ્રી શાન્તિભાઇ કનેરિયા પૂ. મા પ્રભુના પ્રેમી ને સેવાભાવી ભક્ત છે. તેઓના પુત્ર ભાઇ વિજયને ત્યાં પુત્રજન્મ થતાં શ્રીમતી લાભુબેન કનેરિયાએ અધ્યાત્મને રૂા. ૧૦૦૧, ભેટ મોકલવા બદલ શુભકામનાઓ પાઠવીએ છીએ.

* * *

### રગ્બીના ગ્રાહકો તરફથી ભેટ

રગ્બી (યુ. કે.) ના ગ્રાહકો તરફથી દર વર્ષે લવાજમની સાથે સારી એવી ભેટ પણ મોકલવામાં આવે છે, જે અધ્યાત્મને આજની મોંઘવારીમાં ટકવાનું બળ પૂરું પાડે છે એ બદલ અમે રગ્બીના સાધક ભાઇઓના ખરે જ આભારી છીએ.

આ વર્ષે તેઓએ લવાજમ ઉપરાંત રૂા. ૧૮૭૨ જેવી સારી એવી રકમ ભેટ તરીકે મોકલાવી છે. તે બદલ અભિનંદન.

* * *



# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એટલામાં તો આશ્રમના આંગણામાં એક ભિક્ષુક આવી પહોંચ્યો. એના મસ્તક પર શિખા, હાથમાં છત્રી, લાકડી ને કમંડલ તથા શરીર પર ભગવા જેવું વસ્ત્ર હતું.

સીતા તથા ઊર્મિલાએ એના સાધુ સ્વરૂપને જોઇને પૂજ્યભાવે પ્રણામ કર્યા.

સીતાના અસાધારણ સૌંદર્યને નિહાળતાં વેંત જ એ કામવિકારથી પીડિત થઇને કહેવા માંડયો. 'દેવી, તું કોણ છે અને અહિં શા માટે રહે છે? તારી સાથેની આ સુકુમારી કોણ છે? તું કામદેવની પત્ની રતિ તો નથી? તારા અદ્‌ભુત સ્વરૂપને જોઇને તારો પરિચય કરવાનું મને મન થયું છે!

સીતાએ એનો વિધિપૂર્વક સત્કાર કર્યો, એ પછી પોતાનો સવિસ્તાર પરિચય આપ્યો, અને કોઇક સેવા સ્વીકારવાની પ્રાર્થના કરીને પૂછયું. 'તમારો પરિચય મને કરાવી શકશો? તમારા જીવનનું ધ્યેય શું છે અથવા વનમાં તમે કયા ઉદ્દેશની પૂર્તિ માટે ફરી રહ્યા છો તે જણાવી શકશો?'

સાધુએ કહ્યું. 'મારો ઉદ્દેશ સીધો અને સ્પષ્ટ છે. તારા હરણનો.' 'મારા હરણનો?' સીતાને નવાઇ લાગી.'હા. તારા હરણનો. તારા રતિથીયે રૂપાળા રૂપને જોઇને હું સાચેસાચ મોહિત થયો છું ને તારું હરણ કરવા કૃતસંકલ્પ બન્યો છું.' 'પરંતુ તમે તો સાધુ કે ત્યાગી છો.' ઊર્મિલા વચ્ચે બોલી. ત્યાગી થઇને આવા બૂરા વિચારો સેવો છો તે શું તમને શોભે છે?'

'મારી પાસે વાદવિવાદ કરવાનો વખત નથી. રામ અને લક્ષ્મણ આવી પહોંચે તે પહેલાં હું મારું કામ પતાવી દેવા માગું છું. તને તો હું સ્પર્શ પણ નથી કરવાનો, પણ સીતાને ઉઠાવી જાઇશ.'

સીતા સહેજ ગભરાટ સાથે બોલી. 'પરંતુ તમે છો કોણ?' 'હું કોણ છું તે તારે જાણવું છે? જેના નામથી મોટા મોટા દેવતાઓ, દાનવો ને ગંધર્વો પણ ડરે છે તે રાવણ–લંકાપતિ રાવણ હું પોતે છું. તને મારી પટરાણી બનાવવા માગું છું.'

'તું રાવણ છે? દુષ્ટ, તું મારું હરણ કરવા આવ્યો છે? રામ ને લક્ષ્મણ હમણાં જ આવી જશે ને તારી ખબર લઇ નાખશે.' પરંતુ રાવણ પોતાનો સંકલ્પ પૂરો કરવા માટે તત્પર હતો. એણે કહ્યું. 'દેવી તું મારા પર નકામો ક્રોધ કરી રહી છે. હું તારું કલ્યાણ કરવાની ઇચ્છા રાખું છું. તું મારી પત્ની થવા માટે બધી રીતે યોગ્ય છે અને હું તારો પતિ થવા માટે યોગ્ય છું. એવું કહીને રાવણે પોતાનું મૂળ રૂપ પ્રકટ કર્યું.'

એ ભયંકર રૂપ જોઇને સીતા અને ઊર્મિલા બંને ધ્રૂજવા માંડી. ઊર્મિલાએ કહ્યું. 'આવાં શબ્દો ના બોલવા જોઇએ, રાવણ! આવા મલિન વિચારો ના સેવવા જોઇએ.'

પરંતુ રાવણ આગળ વધ્યો ને બોલ્યો. 'હું તારું હરણ કરવા ક્યાં આવ્યો છું કે તું મને ઉપદેશ આપી રહી છે? હું તો સીતાના સ્વરૂપને જોઇને મોહિત થયો છું.'

રાવણે સીતાને પકડવા માટે હાથ લંબાવ્યા એ જોઇને સીતા વાયુવેગથી ધ્રૂજતી વલ્લરીની પેઠે ધ્રૂજવા લાગી, ને બોલી. 'આ આવ્યા રામ. આ આવ્યા લક્ષ્મણ. હવે તું મારું હરણ નહિ કરી શકે. રામ અને લક્ષ્મણ તને જીવતો નહિ જવા દે.'

રાવણે ભયભીત બનીને ચારે તરફ નજર કરી. એજ વખતે ઊર્મિલાની આંખ ઉઘડી ગઇ. એ અયોધ્યાના રાજપ્રાસાદમાં સુતી હતી. બેઠી થઇને એ સ્વપ્ન વિચાર કરવા લાગી. કેવું વિચિત્ર સ્વપ્ન છે? જાગૃતિથી પર થઇને મન કેવી લીલા કર્યા કરે છે? જાણે કે સઘળું સાચું જ બનતું હોય એવું લાગ્યા કરે છે!

અરણ્યમાં રામના આશ્રમ પાસે છૂપાયેલો રાવણ સાધુનો સ્વાંગ ધરીને



સીતાની પાસે આવીને બળજબરીથી સીતાને ઉપાડીને ચાલવા લાગ્યો ત્યારે સીતાએ ભારે રોકકળ કરી મૂકી. ગોદાવરીનાં નીર પણ થંભી ગયાં, વાયુએ વહેવાનું બંધ કર્યું, ને શોકિત સૂર્ય વાદળ પાછળ છૂપાઇ ગયો. આખીયે પ્રકૃતિ વિષાદ મગ્ન બની ગઇ. સીતાના શોકની પરવા કર્યા વિના રાવણે એને રથમાં નાખી અને આકાશ માર્ગે ઝડપથી લંકા પ્રતિ પ્રયાણ કર્યું.

## જટાયુનો પ્રતિકાર

પોતાના ધારેલા કાર્યમાં સ્વલ્પ સમયમાં સફળતા મળવાથી રાવણનો ઉલ્લાસના મૂર્તિમંત સ્વરૂપ જેવો દેખાવા માંડયો.

સીતાને મેળવીને અને એનો સુધામય શીતળ સ્પર્શ પામીને એનો પ્રાણ પુલકિત બની ગયો. પરંતુ કેટલોક પંથ કાપ્યા પછી એના ઉલ્લાસમાં ભંગ પડયો. સીતાના અતિ આર્ત શોક સ્વર સાંભળીને વનમાં વિહારે નિકળેલો જટાયુ ઝડપથી આવી પહોંચ્યો. એણે આકાશ માર્ગે જતી સીતાને ઓળખી કાઢી અને પરિસ્થિતિનો પાર પામી લીધો.

રાવણને ઓળખવાનું કામ એને માટે સહેલું ના હોવા છતાં પણ એને એના ભયંકર કુકર્મની ગંધ તો આવી જ. એણે આકાશગમનની પોતાની વિશેષ શક્તિદ્વારા રાવણના રથને અસાધારણ સાહસ કરીને અંતરાય નાખીને નીચે પાડયો અને રાવણને યુદ્ધ કરવા માટે પ્રેર્યો. સીતાને બચાવવા માટે એનું અંતર આતુર બન્યું. એ આતુરતાએ એને અસાધારણ શક્તિ બક્ષી.

એ શક્તિથી પ્રેરાઇને એણે રાવણ પર જોરથી હુમલો કર્યો, ને કહ્યું. 'નરાધમ, તું સીતાને લઇને આમ ચોરની પેઠે ક્યાં જઇ રહ્યો છે?' તારા આ અધમ કૃત્યની ખબર રામ અથવા લક્ષ્મણ બંનેમાંથી કોઇને નહિ હોય. નહિતો તું આવી રીતે જીવતો ભાગ્યે જ જઇ શકત.

એની ગેરહાજરીનો ગેરલાભ લઇને તેં સીતાનું હરણ કર્યું છે પરંતુ એનો બદલો તને હમણાં જ આપી દઉં છું. હું જીવતો છું ત્યાં સુધી તારાથી આગળ નહિ જઇ શકાય. તારી ચોરીને માટે તને હમણાં જ ભયંકર દંડ કરું છું. (ક્રમશઃ)

### * રગ્બીના મહિલા મંડળની ભેટ *

૧૯૮૮ ની અમારી પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથેની વિદેશોની યાત્રા દરમ્યાન અમને રગ્બીના સાધક ભાઈબહેનોને પણ મળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલું. ત્યારે અમે જોયેલું કે ત્યાંના આપણા ભાઈઓની જેમ જ બહેનો પણ સરસ પ્રવૃત્તિઓ કરતી રહે છે. તેઓ આપણી ધાર્મિક પૂજાઓ તથા તહેવારોની ઉજવણીમાં તેમ જ સમૂહ ભોજનોના આયોજનમાં આગળ પડતો ભાગ લે છે. આ બહેનોએ પણ પોતા તરફથી અધ્યાત્મને સારી એવી રકમની ભેટ મોકલાવી છે; જેની વિગત નીચે મુજબ છે:–

રૂ.

૮૩૧ શ્રીમતી લતાબેન ઠાકોરભાઈ ભક્ત.

૩૩૦ શ્રીમતી મણિબેન અંબારામ મિસ્ત્રી.

૩૩૦ શ્રીમતી શાન્તાબેન ગણપતભાઈ મિસ્ત્રી.

૩૩૦ ગં. સ્વ. કમળાબેન નરોત્તમભાઈ મિસ્ત્રી.

૩૨૦ શ્રીમતી કંચનબેન રતિભાઈ મિસ્ત્રી.

૨૩૧ શ્રીમતી ગંગાબેન ડાહ્યાભાઈ મિસ્ત્રી.

૧૬૫ શ્રીમતી સીતાબેન કેશવભાઈ ટેલર.

૧૬૫ ગં. સ્વ. મણિબેન ખુશાલભાઈ મિસ્ત્રી.

૧૦૦ શ્રીમતી મણિબેન કાનજીભાઈ ફટાનીઆ.

૨૮૦૨

આ સહુ બહેનોને ખરેખર અભિનંદન ઘટે છે. પૂ. મા–પ્રભુ તેમને સર્વ પ્રકારે સહાયરૂપ થાય એજ પ્રાર્થના.

## યાદ રાખજે

મહેલ કે ઝૂંપડીમાં રહેવાથી જ કોઈ ભોગી અને જંગલમાં રહેવાથી જ કોઈ જોગી થઈ જતું નથી. મમતા અને અહંતાને ટાળવાથી જ યોગી થઈ શકાય છે એ યાદ રાખજે.

વાસણ કે પાતળમાં જમવાથી જ કોઈ ભોગી અને હથેળીમાં લઈને ખાવાથી જ કોઈ જોગી થઈ જતું નથી. જે વખતે જે સ્થિતિ મળે તેમાં સ્થિરતા અને શાન્તિપૂર્વક જીવવાથી જ યોગી થઈ શકાય છે એ યાદ રાખજે.

સુતરાઉ કે રેશમી વસ્ત્રો પરિધાન કરવાથી જ કોઈ ભોગી અને રસ્તે પડેલાં ચીંથરાંની કફની પહેરવાથી કે નવસ્ત્રા રહેવાથી જ કોઈ જોગી થઈ શકતું નથી. શરીરની મર્યાદા જાળવવા ઢાંકણ કરી, શીલ, સંયમ અને શાંતિને ધારણ કરી, જીવનનો આનંદ લેવાથી જ જોગી થઈ શકાય છે એ યાદ રાખજે.

ભેળુ કરીને ખાવાથી કે નેતિ, ધોતિ કે ખેચરી કરવાથી પરમહંસ થઈ જવાતું નથી. અને તેમ કરવાથી પરમહંસપણું મટી પણ જતું નથી. સાચા ને ખોટાનો વિવેક કરવાથી અને એક માત્ર ઈશ્વરને ઓળખી લેવાથી જ પરમહંસ થઈ શકાય છે એ યાદ રાખજે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# યોગની સાચી સફળતા

ધ્યાન જેવા માર્ગદ્વારા સાધના કરનારો યોગી જ્યારે આગળ વધે છે, ત્યારે તેનું મન ઉપરામ બની જાય છે, ને ઉપરામતાની એ દશામાં તે પોતાના મૂળસ્વરૂપ આત્માને જુએ છે. અથવા તો પરમાત્માનો અનુભવ કરે છે તે વખતે તેને ઈન્દ્રિયાતીત પરમસુખ, શાંતિ ને પરમાનંદની મૂર્તિ બને છે. તેના અંતરમાંથી રસની અનંત ધારાઓ છુટયાં કરે છે. અનુભવની એ ઉત્તમોત્તમ દશાના લાભ પાસે સંસારના સાધારણ લાભ કે ત્રિલોકની પ્રાપ્તિનો લાભ પણ કાંઈ વિસાતમાં નથી. તે દશા મળ્યા પછી ગમે તેટલું ભારે દુઃખ પડે તો પણ યોગીને તેની ખબર પડતી નથી. તે દશામાં તેના શરીરને કાપી કે બાળી નાંખવામાં આવે તો પણ તેને ખબર પડતી નથી. તે મહાન દશાની પ્રાપ્તિ થઈ એટલે યોગસાધના સફળ થઈ એમ સમજવું. યોગની સાધનાનું મુખ્ય ફળ આજ છે.

આજે કેટલાક માણસો આસન, પ્રાણાયામ, ષટ્ક્રિયા ને મુદ્રા જેવી ક્રિયાઓને જ યોગ માની લે છે, પણ તે બરાબર નથી. તેઓ તો યોગનાં જુદાં જુદાં અંગ માત્ર છે. યોગની સાચી સફળતા પરમાત્માનાં દર્શન દ્વારા પરમસુખની પ્રાપ્તિમાં ને સર્વદુઃખોની નિવૃત્તિમાં રહેલી છે.

—મહાત્મા યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧.